સુવિચાર
''શબ્દો ચાવી જેવા હોય છે. એ કોઈનું હૃદય ખોલાવી શકે છે ને મોઢું બંધ પણ કરાવી શકે છે.''
:: સૌજન્ય ::
નિલકંઠ જ્વેલર્સ
(લાઠીવાળા)
માણેકપરા, અમરેલી.
ફોન : ૦૨૭૯૨-૨૨૩૫૫૭

પાના ૦૮ : કિંમત રૂા. ૩.૦૦
તા. ૧૦/૦૯/૨૦૨૬, ગુરૂવાર
ફોન : ૨૨૮૪૨૨
www.amreliexpress.com

સત્યમ શિવમ્ સુંદરમ્
AMRELI EXPRESS DAILY

R.N.I.NO.GUJGUJ/2001/11803
Postal Reg.No. AMR/217/2024-26
E-Mail : amreliexpress7@gmail.com

જિલ્લાનાં આમઆદમીનું અખબાર

# અમરેલી એક્સપ્રેસ

અમરેલી, લાઠી, લીલીયા, દામનગર, બાબરા, સાવરકુંડલા, ધારી, ચલાલા, બગસરા, ખાંભા, રાજુલા, જાફરાબાદ, ઉના, કુંકાવાવ, વડિયા, વીજપડી પંથકમાં બહોળો ફેલાવો ધરાવે છે.




તંત્રી,પ્રકાશક,માલિક : મનોજ એચ. રૂપારેલીયા, કાર્યાલય : જીલ્લા મધ્યસ્થ બેન્ક પાછળ, અમરેલી : મુદ્રણ સ્થાન : આજકાલ પ્રિ.પ્રેસ રજપુતપરા, શેલ પેટ્રોલ પંપ પાછળ રાજકોટ ખાતેથી છપાવી અમરેલી એક્સપ્રેસ કાર્યાલયથી પ્રસિધ્ધ કર્યુ. : વિક્રમ સંવત ૨૦૮૨ શ્રાવણ વદ-૧૪ વર્ષ : ૧૭ અંક : ૨૨૬

## કેન્દ્રીય મત્સ્યોદ્યોગ, પશુપાલન, ડેરી રાજયમંત્રી એસ.પી. સિંઘ બઘેલની ઉપસ્થિતિમાં

# અમર ડેરી ખાતે આઈસ્ક્રીમ અને પનીર મેન્યુફેક્ચરીંગ પ્લાન્ટનું લોકાર્પણ

મંત્રીશ્રીનાં હસ્તે ૫ કરોડનાં ખર્ચે તૈયાર થયેલ ગીર ગાય એમ્બ્રિયો ટ્રાન્સપ્લાન્ટ લેબોરેટરીનું લોકાર્પણ

સાંસદ રૂપાલાનાં હસ્તે ૮૨ કરોડનાં ખર્ચે તૈયાર થયેલ સેન્ટર ઓફ એક્સેલન્સનું લોકાર્પણ

વિકસિત ભારતનાં નિર્માણ અર્થે ગુજરાતનું સહકાર મોડેલ દેશમાં લાગુ કરવું જોઈએ : મંત્રી

ઈફકોનાં ચેરમેન દિલીપ સંઘાણી, સાંસદ સુતરીયા, પૂર્વ સાંસદ કાછડીયા સહિતનાં આગેવાનો ઉપસ્થિત રહ્યા



અમરેલી, તા. ૯
અમરેલી જિલ્લાની સહકારી સંસ્થાઓની વાર્ષિક સાધારણ સભામાં ઉપસ્થિત રહેલા કેન્દ્રીય મત્સ્યોદ્યોગ, પશુપાલન, ડેરી, પંચાયતીરાજ રાજયમંત્રી એસ.પી. સિંઘ બઘેલની ઉપસ્થિતિમાં આશરે રૂા. ૧૫૦ કરોડના પ્રકલ્પોનું લોકાર્પણ થયું હતું. અમરેલીના અમર ડેરી હસ્તકના પ્રભાગમાં 'રાષ્ટ્રીય ગોકુલ મિશન' અંતર્ગત રૂા. ૦૫ કરોડના ખર્ચે તૈયાર થયેલ ગીર ગાય એમ્બ્રિયો ટ્રાન્સપ્લાન્ટ લેબોરેટરીનું મંત્રીના હસ્તે લોકાર્પણ

અનુસંધાન પાના ૬ ઉપર

## મેડિકલ કોલેજમાં પગ મુકયા વગર તબીબ બની ગયા

# બાબરાનાં ચમારડીમાં તબીબી ડીગ્રી વગર દર્દીઓની સારવાર કરનાર સામે કાર્યવાહી

પ્રાથમિક આરોગ્ય અધિકારીએ ધોરણસર કાર્યવાહી હાથ ધરી



અમરેલી, તા. ૯
બાબરા ગામે આવેલ સ્વામીનારાયણ સોસાયટી મકાન નં. ૧૨૨માં રહેતા યેમીશભાઈ વિનુભાઈ

અનુસંધાન પાના ૬ ઉપર

## આરોપી પાસે મોબાઈલ ન હોવા છતાં પોલીસે સીસીટીવનાં આધારે ગુન્હાનો ભેદ ખોલ્યો

# ભૈ વાહ : અમરેલીનાં મોટા આંકડીયાનાં પાંચ વર્ષનાં બાળકને પોલીસે અપહરણકર્તાનાં કબ્જામાંથી છોડાવ્યો

પોલીસે ૧૫ કલાકમાં ૧૭૦થી વધુ સીસીટીવી કેમેરા ખંગાળી કામગીરી પૂર્ણ કરી



અમરેલી, તા. ૯
અમરેલી તાલુકાના મોટા આંકડીયા વિસ્તારમાંથી એક પાંચ

અનુસંધાન પાના ૬ ઉપર







પાર્ટ ટાઈમ
કમ્પ્યુટર ઓપરેટર
જોઈએ છે
પેજમેકર
ફોટોશોપ
કોરલડ્રોનો
અનુભવ જરૂરી
કામનો સમય
સાંજે
૪:૩૦ થી ૧૧:૩૦
અમરેલી એકસપ્રેસ
જિલ્લા મધ્યસ્થ સહકારી બેંક પાછળ, અમરેલી




અપોલો હોસ્પિટલ્સ-અમદાવાદના
સુપર સ્પેશ્યાલીસ્ટ દ્વારા ઓપીડી
અમરેલી માં...
Apollo HOSPITALS

| | |
|---|---|
| દર મહિનાના પહેલા બુધવારે<br>સવારે ૧૧.૦૦ થી ૨.૦૦ સુધી | ડો. જતીન વખારિયા<br>કન્સલ્ટન્ટ ઓર્થોપેડિક્સ અને જોઈન્ટ રિપ્લેસમેન્ટ સર્જન<br>MBBS, DNB (Orthopedics), D'Ortho, FIAS |
| દર મહિનાના બીજા શુક્રવારે<br>સવારે ૧૧.૦૦ થી ૨.૦૦ સુધી | ડો. પાર્થ જોષી<br>MBBS, Dr NB ન્યુરોસર્જરી, એન્ડોવાસ્ક્યુલર અને વાસ્ક્યુલર ન્યુરોસર્જરીમાં ફેલોશિપ (મણિપાલ, બેંગ્લોર)<br>મિનિમલી ઈન્વેસિવ અને એન્ડોસ્કોપિક સ્પાઈન સર્જન |
| દર મહિનાના ત્રીજા શુક્રવારે<br>સવારે ૧૧.૦૦ થી ૨.૦૦ સુધી | ડો. શ્રેયા બુટાલા<br>MD, DM Gastro (SGPGIMS),<br>Consultant Gastroenterologist and Hepatologist |
| દર મહિનાના ત્રીજા શુક્રવારે | ડો. પ્રિતિશ શાહ<br>એમબીબીએસ,એમડી (મેડિસિન), ડીઆરએનબી (નેફ્રોલોજી)<br>કન્સલ્ટન્ટ નેફ્રોલોજિસ્ટ |

આસ્થા હોસ્પિટલ
લિલિયા રોડ, બી.એમ. ચોક, અમરેલી, ગુજરાત-૩૬૫ ૬૦૧
*અગાઉથી રજીસ્ટ્રેશન કરાવવું અને જુના રિપોર્ટ લાવવા જરૂરી છે.
રજીસ્ટ્રેશન માટે સંપર્ક કરો :
+91 8238984000 & 7698815315
અપોલો હોસ્પિટલ, અમદાવાદ
પ્લોટ નં. ૧-એ, ભાટ, જી.આઈ.ડી.સી. એસ્ટેટ, એરપોર્ટ રોડ, અમદાવાદ – ગાંધીનગર. 8401801066

### ૧૭ સપ્ટેમ્બરના રોજ પીએમ મોદીનો જન્મદિવસ

# પ્રધાનમંત્રી મોદીના જન્મદિવસને ભાજપ સેવા દિવસ તરીકે ઉજવશે

## ભાજપના રાષ્ટ્રીય અધ્યક્ષે જણાવ્યું કે પીએમ મોદીના જન્મદિવસ પર દેશભરમાં સેવા સંકલ્પ અભિયાન ચલાવવામાં આવશે

વારાણસી, તા.૯

૧૭ સપ્ટેમ્બરના રોજ પીએમ નરેન્દ્ર મોદીનો જન્મદિવસ છે. આ દિવસને ખાસ બનાવવા માટે ભારતીય જનતા પાર્ટી વિશેષ કાર્યક્રમનું આયોજન કરી રહી છે. નવી દિલ્હીમાં એક પ્રેસ કોન્ફરન્સમાં ભાજપના રાષ્ટ્રીય અધ્યક્ષ નીતિન નવીને કહ્યું કે પીએમ મોદીના જન્મદિવસ પર દેશમાં સંકલ્પ અભિયાન ચલાવવામાં આવશે. આ એટલા માટે પણ વિશેષ છે કારણ કે પીએમ મોદી આગામી ૭ ઓક્ટોબરે જનસેવાના ૨૫ વર્ષ પૂરા કરશે.

પ્રેસ કોન્ફરન્સમાં નીતિન નવીને કહ્યું કે પીએમ મોદીના જન્મદિવસ પર દેશભરમાં સેવા સંકલ્પ અભિયાન ચલાવવામાં આવશે. તેમણે કહ્યું કે ૭ ઓક્ટોબ ૨૦૨૬ના રોજ પીએમ મોદી જનસેવાના ૨૫ વર્ષ પૂરા કરશે. આ સફર ૭ ઓક્ટોબર ૨૦૦૧ના રોજ ગુજરાતના મુખ્યમંત્રી તરીકે પદભાર સંભાળવાની સાથે શરૂ થઈ હતી. છેલ્લા ૨૫ વર્ષમાં તમણે જનસેવાથી રાષ્ટ્રસેવા તરફ વધવાના મંત્રને અપનાવતા સેવાની આ સફર સતત ચાલુ રાખી છે.

નીતિન નવીને કહ્યું કે પીએમ મોદીના આ ૨૫ વર્ષના સમગ્ર કાર્યકાળને આપણે એ રીતે જોઈ શકીએ કે પહેલા દિવસથી જે ધ્યેય વાક્ય અને ધ્યેય શબ્દ તેમના મનમાં રહ્યા. તેમણે તેને હંમેશા સંકલ્પ બનાવ્યા અને તેને સિદ્ધિ સુધી પહોંચાડવામાં તેઓ સફળ રહ્યા. તેમણે કહ્યું કે તેની સફ એક સાધારણ કાર્યકર તરીકે શરૂ થઈ અને આજે દેશના પ્રધાન સેવક તરીકે તેમણે કાર્યોને આગળ વધાર્યા છે. નરેન્દ્ર મોદીએ દેશનું નેતૃત્વ એવા સમયે સંભાળ્યું કે જ્યારે દેશમાં નિરાશા અને અંધકારનો માહોલ હતો. આપણી અર્થવ્યવસ્થાને fragile ૫ તરીકે જોવામાં આવતી હતી. પરંતુ આજે ભારત દુનિયાની સૌથી તેજીથી વધતી અર્થવ્યવસ્થા તરીકે જોવાય છે. સ્ટાર્ટઅપ અને યુનિકોનના માધ્યમથી ભારત આજે દુનિયાનું ત્રીજું સૌથી મોટું સ્ટાર્ટઅપ નેશન બન્યું છે. સ્ટાર્ટઅપ અને યુનિકોનમાં આપણા યુવાઓ આગળ આવીને ફક્ત જોબ સિકર નહીં પરંતુ જોબ ગિવર્સ બનીને ઊભર્યા છે. આજે ખેલો ઈન્ડિયા અને ફિટ ઈન્ડિયા જેવા માધ્યમથી ભારતના યુવાઓ દરેક ક્ષેત્રમાં પ્રતિનિધિત્વ કરી રહ્યા છે.

પીએમ મોદીના જન્મદિવસના અવસરે અનેક કાર્યક્રમો થશે. જેમાં પાર્ટી કાર્યકરો અને જનતા પણ ભાગ લેશે. કાર્યક્રમની શરૂઆત રક્તદાન શિબિરથી થશે.

૧૭ સપ્ટેમ્બરે રક્તદાન શિબિરનું આયોજન કરાશે.

તે દિવસે સાંજે ૭ વાગે આશીર્વાદના દીવાનો કાર્યક્રમ થશે.

કાર્યક્રમનો હેતુ છેલ્લા ૨૫ વર્ષોમાં પીએમ મોદીના નિષ્ઠાવાન જનસેવા પ્રત્યે આભાર વ્યક્ત કરવાનો છે.

પ્રત્યેક લાભાર્થી પરિવારો દ્વારા પીએમ મોદીને આશીર્વાદ તરીકે દીપ પ્રગટાવવામાં આવશે.

૧૭ સપ્ટેમ્બરથી ૧૭ ઓક્ટોબર સેવા સંકલ્પ અભિયાનનું આયોજન થશે.

નીતિન નબિને કહ્યું કે આગામી મહિને અમે સેવા સંકલ્પ અભિયાનનું આયોજન કરી રહ્યા છીએ. ૧૭ સપ્ટેમ્બરથી ૧૭ ઓક્ટોબર સુધી એક મહિના સુધી આ સેવા સંકલ્પ અભિયાનનું આયોજન કરીશું. ૧૭ સપ્ટેમ્બરને અમે દર વર્ષે સેવા દિવસ તરીકે ઉજવીએ છીએ અને આખો કાર્યક્રમ સેવા પખવાડિયા તરીકે ઉજવીએ છીએ.

એક સમય હતો કે જ્યારે સરહદી ગામડાઓને ભારતના છેલ્લા ગામડા કહેતા હતા. પીએમ મોદીએ આ સોચ બદલી અને તેમને ભારતના પ્રથમ ગામડા કહ્યાં. તેનાથી આ લોકોના જીવનમાં જ ફેરફાર આવ્યો છે એવું નથી પરંતુ આ સમુદાયો પ્રત્યે લોકોની સોચ પણ બદલાઈ છે.

---

### શ્રદ્ધાળુઓનું કહેવું છે કે, 'હનુમાનજી સ્થાન છોડવા માંગતા નથી

# ઉજ્જૈનમાં મંદિર તોડાયું, પણ હનુમાનજીની મૂર્તિ ખસવાનું નામ નથી લઈ રહી

## કંથાલ સ્ક્વેર પર ૧૭૦થી ૧૦૦૦ વર્ષ જૂની હનુમાનજીની મૂર્તિને ખસેડવાના ૧૦ દિવસના પ્રયાસો નિષ્ફળ રહ્યા છે

ઉજ્જૈન, તા.૯

હિન્દુ ધર્મમાં મહત્ત્વનું સ્થાન ધરાવતાં ઉજ્જૈન શહેરમાં હાલમાં વિજ્ઞાનને પડકારે એવી એક રસપ્રદ ઘટના આકાર લઈ રહી છે. ત્યાં સિંહસ્થ કુંભ મેળા ૨૦૨૮ની તૈયારીઓના ભાગરૂપે રસ્તા પહોળા કરવાનું કામ ચાલી રહ્યું છે. એક રસ્તા વચ્ચે આવતી હનુમાનજીની મૂર્તિ ખસેડવાનો પ્રયાસ કરાયો ત્યારે સદંતર નિષ્ફળતા મળી છે. મૂર્તિ પોતાના સ્થાનથી ટસની મસ ન થતાં લોકો આ ઘટનાને ચમત્કાર ગણાવવા લાગ્યા છે. શ્રદ્ધાળુઓનું કહેવું છે કે, 'હનુમાનજી પોતાનું સ્થાન છોડવા માંગતા નથી.' આ ઘટના શું ખરેખર ચમત્કાર છે કે પછી એક અત્યંત જટિલ પુરાતત્ત્વીય અને ટેક્નિકલ પડકાર? ચાલો, આ ઘટનાનું વિશ્લેષણ કરીને સમજવાનો પ્રયાસ કરીએ.

ઉજ્જૈનમાં કંથાલ સ્ક્વેરથી ક્ષત્રિય ચોક(બડા સરાફા) સુધી રસ્તો પહોળો કરવાનો પ્રોજેક્ટ ચાલી રહ્યો છે. આ રસ્તાની વચ્ચે આવતા જૂના હનુમાન મંદિરનું માળખું તોડી પડાયું છે, પરંતુ વિશાળ મૂર્તિ હજુ પણ તેની જગ્યાએ અકબંધ છે. છેલ્લા ૧૦ દિવસથી અનેક પ્રયાસો અને મશીનરીના ઉપયોગ છતાં મૂર્તિને તેના સ્થાનેથી હલાવી શકાઈ નથી. ઈન્દોરથી બોલાવવામાં આવેલા ખાસ એન્જિનિયરો અને ટેક્નિકલ નિષ્ણાતોની ટીમ પણ ૨ દિવસની ભારે જહેમત પછી મૂર્તિને ખસેડવામાં નિષ્ફળ રહી છે.

સ્થાનિક તંત્ર અને મ્યુનિસિપલ નિષ્ણાતોએ સ્પષ્ટ કર્યું છે કે આ મામલો ચમત્કારનો નહીં, પરંતુ એન્જિનિયરિંગનો છે. પ્રાથમિક તપાસમાં સામે આવ્યું છે કે મૂર્તિનો પાયો સામાન્ય મૂર્તિઓ કરતાં ઘણો મજબૂત છે અને તે જમીનની અંદર ખડકમાં ઊંડે સુધી જડાયેલી છે. વહીવટીતંત્ર ઉતાવળમાં ભારે મશીનરીનો ઉપયોગ કરવા માંગતું નથી. મ્યુનિસિપલ કોર્પોરેશનના જણાવ્યા અનુસાર, આવી પ્રાચીન અને વિશાળ મૂર્તિને તેના મૂળ સ્થાનેથી નુકસાન પહોંચાડ્યા વિના બહાર કાઢવી એ અત્યંત સાવચેતી માંગી લેતું કામ છે. જો સ્થાનાંતરણ દરમિયાન સહેજ પણ તિરાડ પડે તો તેની ભરપાઈ થઈ શકે તેમ નથી.

આ મૂર્તિની ઉંમર અને ઈતિહાસ બાબતે પણ અનેક શક્યતાઓ સેવાઈ રહી છે. કેટલાક લોકો તેને ૧૭૦ વર્ષ જૂની માને છે. જોકે, પુરાતત્ત્વીય નિષ્ણાત પ્રોફેસર ડૉ. રમણ સોલંકીના મતે આ મૂર્તિ ૧૦૦૦ વર્ષ જૂની પણ હોઈ શકે છે. તે માળવા પ્રદેશના બેસાલ્ટ પથ્થરની બનેલી હોવાની અને રાજા ભોજના સમયની પરમાર પરંપરા સાથે જોડાયેલી હોવાની શક્યતા છે. વર્ષોથી મૂર્તિ પર લગાવવામાં આવેલા સિંદૂરના જાડા પડને કારણે તેની વાસ્તવિક કારીગરી જાણવી મુશ્કેલ છે, તેથી વૈજ્ઞાનિક તપાસ વિના કોઈ અંતિમ નિષ્કર્ષ પર પહોંચી શકાય તેમ નથી.

સ્થાનિકો અને ભક્તોની ભાવનાઓ આ મૂર્તિ સાથે ઊંડી રીતે જોડાયેલી છે. મૂર્તિ હટી ન શકવાને કારણે લોકો તેને દૈવી શક્તિનો ચમત્કાર માની રહ્યા છે અને મંદિર પરિસરમાં ભજન-કીર્તન તેમજ ભવ્ય મહા આરતીઓ થઈ રહી છે. મંદિરના પૂજારીએ સ્પષ્ટ કર્યું છે કે હિન્દુ સમાજને વિકાસ કે મૂર્તિ સ્થાનાંતરણ સામે કોઈ વિરોધ નથી. પરંતુ, મુખ્ય શરત એ છે કે પ્રશાસન લેખિતમાં ખાતરી આપે કે મૂર્તિને કોઈપણ નુકસાન વિના સુરક્ષિત રીતે નવા સ્થળે(ટાંકી ચોકમાં) સ્થાપિત કરાશે. આગામી ૨ દિવસમાં આ માર્ગ પરથી ભગવાન મહાકાલની ભવ્ય શોભાયાત્રા પસાર થવાની હોવાથી પ્રશાસન પર સમય સાચવાનું અને ભીડ નિયંત્રણ કરવાનું ભારે દબાણ છે.

---

### NIAની ચાર્જશીટમાં ઉમર નબી અંગે મોટો ખુલાસો

# દિલ્હીના લાલ કિલ્લા પાસે થયેલો બ્લાસ્ટ આત્મઘાતી હુમલો હતો

## વિસ્ફોટમાં વપરાયેલી Hyundai i20 કાર બોમ્બ હતી ફોરેન્સિક તપાસમાં TATP જેવા વિસ્ફોટકોના અંશ મળ્યા

નવી દિલ્હી, તા.૯

દિલ્હીના લાલ કિલ્લા નજીક થયેલા વિસ્ફોટ કેસમાં રાષ્ટ્રીય તપાસ એજન્સી (NIA) એ દાખલ કરેલી ચાર્જશીટમાં અનેક ચોંકાવનારા ખુલાસા થયા છે. તપાસ એજન્સીના જણાવ્યા મુજબ, વિસ્ફોટમાં ઉપયોગમાં લેવાયેલી હ્યુન્ડાઈ i20 (Hyundai i20) કાર વાસ્તવમાં એક વ્હીકલ-બોર્ન ઈમ્પ્રોવાઈઝ્ડ એક્સપ્લોઝિવ ડિવાઈસ (VBIED) એટલે કે કાર બોમ્બ તરીકે વાપરવામાં આવી હતી. ફોરેન્સિક તપાસ દરમિયાન ઘટનાસ્થળેથી TATP, એમોનિયમ નાઈટ્રેટ અને પોટેશિયમ નાઈટ્રેટ જેવા અત્યંત વિસ્ફોટક પદાર્થોના અંશ મળી આવ્યા છે.

ઘટનાસ્થળેથી મળેલા જૈવિક નમૂનાઓની DNA ફિંગરપ્રિન્ટિંગ તપાસમાં મહત્વનો પુરાવો મળ્યો છે. NIAના દાવા અનુસાર, શરીરના ભાગો અને નાકના સેમ્પલની DNA તપાસમાં તેની ઓળખ માસ્ટરમાઈન્ડ ઉમર ઉન નબી તરીકે થઈ છે. એટલે કે, વિસ્ફોટ થયો તે સમયે ઉમર ઉન નબી કારની અંદર જ હાજર હતો. વિસ્ફોટમાં તેનું પણ મૃત્યુ થયું હોવાથી તેની સામેના કાનૂની આરોપો રદ (Abated) કરવામાં આવ્યા છે. તપાસ દરમિયાન લાલ રંગની ટેપ વાળી એક કમાન્ડ સિસ્ટમ મળી આવી હતી. ફ્રેંઇ મુજબ, આ ડિવાઈસનો ઉપયોગ "ઈઠ્ઠ ને દૂરથી કે ખાસ કમાન્ડ આપીને એક્ટિવ કરવા માટે કરવામાં આવ્યો હતો. આ સિસ્ટમ વિસ્ફોટ થયેલી કાર નજીકથી મળી આવી હતી.

ચાર્જશીટમાં નૌગામ પોલીસ સ્ટેશન કેસનો પણ ઉલ્લેખ છે. આરોપી મુજમ્મિલ (A-4) ના ફરીદાબાદ સ્થિત અલ-ફલાહ યુનિવર્સિટી નજીકના ભાડાના મકાનમાંથી વિસ્ફોટકો, કેમિકલ્સ, ટાઈમર અને લેબ સાધનો જપ્ત કરવામાં આવ્યા હતા. આ સાધનોની તપાસ માટે તેને નૌગામ પોલીસ સ્ટેશન લાવવામાં આવ્યા હતા, જ્યાં ૧૪ નવેમ્બર ૨૦૨૫ના રોજ અચાનક મોટો બ્લાસ્ટ થયો હતો, જેમાં ૯ પોલીસકર્મીઓના મોત થયા હતા અને ૨૯ લોકો ઘાયલ થયા હતા.

ચાર્જશીટમાં જણાવ્યા મુજબ, આરોપી જસીર બિલાલ વાનીએ યૂટ્યુબ અને ChatGPT ની મદદથી રોકેટ બનાવવાની રીતો શોધી હતી, અને રોકેટ તૈયાર પણ કરી લીધું હતું. વધુમાં, ઉમર ઉન નબીએ જસીરને ૨ ડ્રોન પણ આપ્યા હતા.

NIA એ સ્પષ્ટ કર્યું છે કે, આ બ્લાસ્ટમાં પ્રાથમિક વિસ્ફોટક તરીકે TATP (Tri-Acetone Tri-Peroxide નો ઉપયોગ થયો હતો. TATP ને મધર ઓફ શેતાન તરીકે પણ ઓળખવામાં આવે છે, જે અત્યંત સંવેદનશીલ અને ખતરનાક હોમમેડ એક્સપ્લોઝિવ છે. CFSL ચંડીગઢ અને NFSU ગાંધીનગરની ફોરેન્સિક લેબ દ્વારા પણ આ વાતની પુષ્ટિ કરવામાં આવી છે.

આરોપીઓ અંદરો-અંદર વાતચીત કરવા માટે Signal એપનો ઉપયોગ કરતા હતા, જેમાં છ-૭ ની ઓળખ Rauldatta નામના કોડનેમથી થઈ હતી. શહીન સઈદની પેનડ્રાઈવમાંથી એકે-૪૭ પિસ્તોલ સાથેની ૮૭ તસવીરો મળી આવી છે. આ તમામ આરોપીઓ અંસાર ગઝવત-ઉલ-હિંદ (AGuH) અને AQIS જેવા આતંકવાદી સંગઠનો સાથે જોડાયેલા હતા.

---

### હાર્દિક પંડ્યાની વાપસી, ઋતુરાજ ગાયકવાડ કેપ્ટન

# ઓસ્ટ્રેલિયા સિરીઝ માટે ભારત A ટીમની જાહેરાત

## BCCIએ ઓસ્ટ્રેલિયા છ સામે આગામી ટેસ્ટ અને ODI શ્રેણી માટે ભારત છ ટીમની જાહેરાત કરવામાં આવી છે

નવી દિલ્હી, તા.૯

BCCIએ ઓસ્ટ્રેલિયા છ સામે આગામી ટેસ્ટ અને ODI શ્રેણી માટે પોતાની ટીમની જાહેરાત કરી છે. મલ્ટી-ડે ટેસ્ટ મેચ અને ODI માટે અલગ-અલગ ટીમોની જાહેરાત કરવામાં આવી છે. ઋતુરાજ ગાયકવાડ ODI શ્રેણીમાં કેપ્ટનની જવાબદારી સંભાળશે, તો દેવદત્ત પડિકલ મલ્ટી-ડે મેચ માટે ટીમનું નેતૃત્વ કરશે, હાર્દિક પંડ્યાએ પણ વાપસી કરી છે. તે ઈજાને કારણે લાંબા સમયથી બહાર હતો.

ઋતુરાજ ગાયકવાડને ODI શ્રેણી માટે કેપ્ટનશીપ સોંપવામાં આવી છે. તે ઘરેલુ ક્રિકેટ અને ભારત A ટીમ માટે સતત સારું પ્રદર્શન કરી રહ્યો છે, પરંતુ કઠોર સ્પર્ધાને કારણે સિનિયર ભારતીય ટીમમાં સ્થાન મેળવવા માટે સંઘર્ષ કરી રહ્યો છે. વધુમાં હાર્દિક પંડ્યાને ટીમમાં સામેલ કરવામાં આવ્યો છે. હાર્દિક હાલમાં ઈજામાંથી સ્વસ્થ થઈ રહ્યો છે અને BCCIના સેન્ટર ઓફ એક્સેલન્સમાં રિહેબિલિટેશન હેઠળ છે. ફિટનેસ સમસ્યાઓના કારણે તે અગાઉ આયર્લેન્ડ સામેની બે મેચની T20 શ્રેણી અને ઈંગ્લેન્ડ સામેની પાંચ મેચની T20 શ્રેણીમાંથી બહાર રહ્યો હતો. ૧૩ સપ્ટેમ્બરથી શરૂ થનારી અફઘાનિસ્તાન સામેની ત્રણ મેચની T20 શ્રેણી માટે પણ તેની પસંદગી કરવામાં આવી નથી.

કુમાર કુશાગ્રને ODI શ્રેણી માટે ભારત A ટીમમાં સ્થાન મળ્યું છે. તેણે દુલીપ ટ્રોફી ફાઈનલમાં સાઉથ ઝોન સામે શાનદાર સદી ફટકારી હતી. વધુમાં, શેર-એ-પંજાબ T20 લીગ ૨૦૨૬માં અસાધારણ રીતે સારું પ્રદર્શન કરી રહેલા પ્રભસિમરન સિંહને પણ તક આપવામાં આવી છે. આ ખેલાડીઓ હવે ભારત છ માટે એક્શનમાં જોવા મળશે.

ભારત A અને ઓસ્ટ્રેલિયા A વચ્ચે પ્રથમ મલ્ટી-ડે ટેસ્ટ મેચ ૨૨ સપ્ટેમ્બરે રમાશે, જ્યારે બીજી મેચ ૨૯ સપ્ટેમ્બરે રમાશે. તો ODI શ્રેણી ૬ ઓક્ટોબરે શરૂ થશે. બીજી મેચ ૯ ઓક્ટોબરે અને ત્રીજી ૧૧ ઓક્ટોબરે રમાશે. બધી મેચ પુડુચેરીમાં રમાશે.

ઈન્ડિયા A ODI ટીમ : પ્રિયાંશ આર્ય, સાઈ સુદર્શન, દેવદત્ત પડીક્કલ (વાઈસ-કેપ્ટન), ઋતુરાજ ગાયકવાડ (કેપ્ટન), રજત પાટીદાર, કુમાર કુશાગ્ર (વિકેટકીપર), નિશાંત સિંધુ, વિપરાજ નિગમ, અરશિન કુલકર્ણી, અરશદ ખાન, નમન ધીર, હાર્દિક પંડ્યા*, પ્રભસિમરન સિંહ (વિકેટકીપર), ગુર્જપનીત સિંહ, યશ ઠાકુર.

ઈન્ડિયા A મલ્ટિ-ડે ટીમ : અમન મોખડે, આયુષ પાંડે, દેવદત્ત પડિક્કલ (કેપ્ટન), સાઈ સુદર્શન (વાઈસ-કેપ્ટન), યશ રાઠોડ, શૈક રશીદ, કુમાર કુશાગરા (વિકેટકીપર), શમ્સ મુલાની, તનુષ કોટિયન, તુષાર દેશપાંડે, અંશુલ કંબોજ, પ્રફુલ્લ હિંગે, એન જગદીસન (વિકેટકીપર), નચિકેત ભૂતે, વી. વૈશ્ય.

---

### બંગાળની ખાડીમાં સર્જાઈ નવી સિસ્ટમ

# આવતીકાલે ૨૧ રાજ્યોમાં તૂટી પડશે મુશળધાર વરસાદ

## હવામાન વિભાગની કડક ચેતવણીઃ ઉત્તર પ્રદેશ, બિહાર, ઉત્તરાખંડ સહિત પર્વતીય વિસ્તારોમાં ભૂસ્ખલનની ભીતિ

નવી દિલ્હી, તા.૯

સમગ્ર દેશમાં ચોમાસું હાલ પોતાના પૂર્ણ અને આક્રમક મિજાજમાં જોવા મળી રહ્યું છે. મેઘરાજાના રૌદ્ર સ્વરૂપ વચ્ચે ભારતીય હવામાન વિભાગ (IMD) દ્વારા એક અત્યંત ચિંતાજનક અને તાકીદનું એલર્ટ જાહેર કરવામાં આવ્યું છે.

હવામાન વિભાગની સત્તાવાર આગાહી અનુસાર, આગામી ૧૮ કલાકમાં દેશના ૨૧ રાજ્યોમાં મુશળધારથી અતિભારે વરસાદ ખાબકવાની પૂરેપૂરી સંભાવના છે. આ સમયગાળા દરમિયાન ૭૦ થી ૭૫ કિલોમીટર પ્રતિ કલાકની ઝડપે વિનાશક તોફાની પવન ફૂંકાઈ શકે છે, જે મોટા વૃક્ષો અને વીજળીના થાંભલાઓને પણ જમીનદોસ્ત કરવાની ક્ષમતા ધરાવે છે. આ સ્થિતિ ૯ સપ્ટેમ્બરથી લઈને ૧૨ સપ્ટેમ્બર સુધી યથાવત રહેવાની વકી છે.

હવામાન નિષ્ણાતોના જણાવ્યા મુજબ, દક્ષિણ-પશ્ચિમ ઉત્તર પ્રદેશ અને તેની આસપાસના વિસ્તારોમાં એક મજબૂત લો-પ્રેશર સિસ્ટમ વિકસિત થઈ રહી છે. તેની સાથોસાથ ઉત્તર-પૂર્વ બિહાર અને તેની લગોલગ ઉપરી હવામાં ચક્રવાતી પરિભ્રમણ (સાયક્લોનિક સર્ક્યુલેશન) પણ સક્રિય બન્યું છે. બંગાળની ખાડીમાંથી આવતા ભેજયુક્ત તોફાની પવનોની સૌથી ઘાતક અસર પૂર્વીય રાજ્યો પર જોવા મળશે. પૂર્વ ભારતમાં નદીઓનું જળસ્તર ઝડપથી વધી રહ્યું હોવાથી પૂરની સ્થિતિ નિર્માણ પામી શકે છે. ઉત્તરાખંડ અને હિમાચલ પ્રદેશ જેવા પહાડી રાજ્યોમાં ભૂસ્ખલન (લેન્ડસ્લાઈડ) ની ગંભીર ચેતવણી અપાઈ છે, જેથી પ્રવાસીઓને હવામાનની માહિતી લીધા વિના મુસાફરી ન કરવા સલાહ અપાઈ છે. હવામાન વિભાગે ૧૦ થી ૧૧ સપ્ટેમ્બર દરમિયાન ઉત્તર પ્રદેશ, દિલ્હી, બિહાર, હરિયાણા, રાજસ્થાન, હિમાચલ પ્રદેશ, ઉત્તરાખંડ, પંજાબ, જમ્મુ અને કાશ્મીર, ઝારખંડ, છત્તીસગઢ, મધ્ય પ્રદેશ, પશ્ચિમ બંગાળ, ઓડિશા, તેલંગાણા, કર્ણાટક, તમિલનાડુ, કેરળ, ગુજરાત, આસામ અને મહારાષ્ટ્રમાં ભારે ગાજવીજ, વીજળીના કડાકા અને કરા પડવાની શક્યતા દર્શાવી છે. દક્ષિણ ભારતના રાજ્યોને પણ આગામી ૨૪ કલાક ખાસ સાવધ રહેવા સૂચના આપવામાં આવી છે.

---

### આંતરિક સરવેએ ભાજપની ઊંઘ ઊડાડી

# યુપીમાં ૧૨૫ ધારાસભ્યોનું પત્તું કાપવાની તૈયારીઓ

## ભાજપના લગભગ ૧૨૫-૧૨૮ વર્તમાન ધારાસભ્યો સામે તેમના જ મતવિસ્તારમાં ભારે એન્ટી-ઇક્મ્બન્સી જોવા મળી છે

નવી દિલ્હી, તા.૯

ઉત્તર પ્રદેશ વિધાનસભા ચૂંટણીમાં હવે ૬ મહિનાથી ઓછો સમય બાકી રહ્યો છે. ત્યારે ૧૦ વર્ષથી સત્તારૂઢ યોગી આદિત્યનાથની આગેવાનીવાળી ભાજપ સરકાર સામે હેટ્રિક લગાવવાનો પડકાર છે. ભાજપે સ્થાનિક ધારાસભ્યોના કામકાજ અને લોકપ્રિયતાનો સરવે કરવાની જનતાનો મૂડ જાણવાની કોશિશ કરી છે. જેમાં ૨૦૨૪માં લોકસભા ચૂંટણીના ઝટકાથી શીખ મેળવીને ભાજપે ૪૦૩ વિધાનસભા સીટ પર ગોપનીય અને બહુસ્તરીય આંતરિક સરવે કરાવ્યો છે. આ સરવે રિપોર્ટે રાજકારણમાં હડકંપ મચાવ્યો છે. સૂત્રોના જણાવ્યા પ્રમાણે, સરવે રિપોર્ટમાં યુપીમાં અંદાજે ૧૨૫થી ૧૨૮ હાલના ધારાસભ્યો સામે તેમના જ મતવિસ્તારમાં જબરદસ્ત એન્ટી-ઈક્મ્બસી જોવા મળી છે. સ્પષ્ટ રીતે કહીએ તો, અંદાજે ભાજપના ૧૨૮ હાલના ધારાસભ્યોનું પત્તું કપાય તેવી શક્યતા છે. પશ્ચિમ યુપીથી લઈને પૂર્વ સુધી મંત્રીઓથી માંડીને દિગ્ગજ ધારાસભ્યોનું નામ આ રેડ લિસ્ટમાં સામેલ છે. ભાજપે યુપીને સંગઠન પ્રમાણે ૬ ભાગમાં વિભાજિત કર્યું છે. જેમાં કયા વિસ્તારમાંથી કોની ટિકિટ કપાશે, તે આંકડા ચોંકાવનારા છે. યુપી વિધાનસભા ચૂંટણી ૨૦૨૭ને લોકસભા ૨૦૨૯ પહેલાની સેમિફાઈનલ ગણવામાં આવી રહી છે.

પશ્ચિમ વિસ્તારની ૭૧માંથી ૨૩-૨૫ ટિકિટ કપાવાની શક્યતા

વ્રજ વિસ્તારની ૬૫માંથી ૨૪-૨૬ ટિકિટ કપાવાની શક્યતા

અવધ વિસ્તારની ૮૨માંથી ૨૬-૨૮ ટિકિટ કપાવાની શક્યતા

કાનપુર વિસ્તારની ૫૨માંથી ૧૯-૨૧ ટિકિટ કપાવાની શક્યતા

કાશી વિસ્તારની ૭૨માંથી ૧૯-૨૧ ટિકિટ કપાવાની શક્યતા

ગોરખપુર વિસ્તારની ૬૨માંથી ૧૮-૨૨ ટિકિટ કપાવાની શક્યતા

ભાજપા યુપીમાં હેટ્રિક લગાવવા માટે એડી ચોટીનું જોર લગાવી રહી છે. મુખ્યમંત્રી યોગી આદિત્યનાથે છેલ્લા એક-દોઢ મહિનામાં રાજ્યના મોટાભાગના જિલ્લાઓનો પ્રવાસ કરીને વિકાસ યોજનાઓનો કયાસ લગાવી રહી છે. ૨૦૨૨ની જીતની વાત કરીએ તો ૧૯૮૫ પછી યુપીમાં પહેલીવાર કોઈ મુખ્યમંત્રીએ સતત બીજી વખત બહુમતી સાથે સત્તા મેળવી હતી. તો સપા-કોંગ્રેસનું ગઠબંધન ૨૦૨૪ લોકસભા ચૂંટણીના પરિણામ બાદ ઉત્સાહમાં જોવા મળી રહ્યું છે. અખિલેશ યાદવ પીડીએના સામાજિક સમીકરણો પર ધ્યાન આપી રહ્યા છે. તો કોંગ્રેસ દલિત-મુસ્લિમ વોટો ભેગા કરીને જનાધાર વધારવાની તૈયારી કરી રહ્યું છે.

૨૦૨૨ વિધાનસભા ચૂંટણીમાં કોને કેટલી સીટ મળી?

ભાજપ - ૨૫૫

અપના દળ (સોનેલાલ) - ૧૨

નિષાદ પાર્ટી - ૦૬

એનડીએ - ૨૭૩

કુલ સીટ ૪૦૩માંથી બહુમત માટે ૨૦૨ સીટ જરૂરી

ઉત્તર પ્રદેશમાં મોદી-યોગી લહેરને લીધે ભાજપને ૪૧.૨૯% વોટ મળ્યા હતા. ભાજપે ગત ચૂંટણીમાં અપના દળ સોનેલાલ, નિષાદ પાર્ટી જેવા પક્ષ સાથે ગઠબંધન કર્યું હતું. હવે એનડીએમાં પશ્ચિમી ઉત્તર પ્રદેશથી રાષ્ટ્રીય લોકદળ સામેલ છે. એનડીએનો સપા-કોંગ્રેસ ગઠબંધન સાથે મુકાબલો થશે તે ફાઈનલ છે. માયાવતીની બહુજન સમાજ પાર્ટી, આઝાદ સમાજ પાર્ટી, એઆઈએમઆઈએમ જેવા દળો પણ સામેલ છે.

---

### ટોપ-૧૦ માં એક પણ ભારતીય નહીં...!

# બ્લૂમબર્ગના અબજોપતિઓની યાદીમાં અમેરિકન ટેક જાયન્ટ્સનો દબદબો

## ઇલોન મસ્ક $341 અબજ સાથે ટોચ પર : મુકેશ અંબાણી $102 અબજ સાથે ૧૮મા ક્રમે સરક્યા

વોશિંગ્ટન, તા.૯

વૈશ્વિક શેરબજારોમાં ચાલી રહેલા ભારે ઉતાર-ચઢાવ વચ્ચે ગ્લોબલ અબજપતિઓની યાદીમાં મોટો ધરખમ ફેરફાર નોંધાયો છે. બ્લૂમબર્ગ બિલિયોનેર્સ ઈન્ડેક્સ અનુસાર વૈશ્વિક સ્તરે ટોપ-૧૦ સૌથી ધનિક વ્યક્તિઓની ક્લબમાં એક પણ ભારતીય ઉદ્યોગપતિ પોતાનું સ્થાન જાળવી શક્યા નથી. વિશ્વના અબજોપતિઓની આ યાદી પર અમેરિકન ટેકનોલોજી અને વૈશ્વિક જાયન્ટ્સના માલિકોનો એકચક્રી દબદબો જોવા મળી રહ્યો છે.

ટોપ-૧૦ અબજપતિઓની યાદી અને તેમની અંદાજિત નેટવર્થ

૧. ઈલોન મસ્ક
કંપનીઃ ટેસ્લા, સ્પેસએક્સ, X
નેટવર્થઃ $341 અબજ (આશરે રૂ.૨૮.૯૮ લાખ કરોડ)
વિશ્વના સૌથી ધનિક વ્યક્તિ તરીકે ઈલોન મસ્ક પ્રથમ સ્થાને મજબૂત રીતે યથાવત છે. તાજેતરમાં તેમની સંપત્તિમાં રૂ.૩.૨૩ લાખ કરોડ ($37.5 અબજ)નો તોતિંગ ઉછાળો નોંધાયો હતો અને તેઓ વિશ્વના પ્રથમ ટ્રિલિયોનેર બનવાની દિશામાં આગળ વધી રહ્યા છે.

૨. જેફ બેઝોસ
કંપનીઃ એમેઝોન
નેટવર્થઃ $214 અબજ (આશરે રૂ.૧૮.૧૯ લાખ કરોડ)
ઈ-કોમર્સ જાયન્ટ એમેઝોનના સ્થાપક જેફ બેઝોસ સતત મજબૂત નાણાકીય સ્થિતિ સાથે વૈશ્વિક યાદીમાં બીજા ક્રમે છે.

૩. માર્ક ઝકરબર્ગ
કંપનીઃ મેટા (Meta – Faceboko, Instagram, WhatsApp)
નેટવર્થઃ $208 અબજ (આશરે રૂ.૧૭.૬૮ લાખ કરોડ)
આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ (AI) અને સોશિયલ મીડિયા પ્લેટફોર્મ્સના દમદાર પ્રદર્શનને પગલે મેટાના ચીફ એક્ઝિક્યુટિવ માર્ક ઝકરબર્ગ ત્રીજા સ્થાને બિરાજમાન છે.

૪. લેરી એલિસન કંપનીઃ ઓરેકલ
નેટવર્થઃ $195 અબજ (આશરે રૂ.૧૬.૫૭ લાખ કરોડ)
ક્લાઉડ કમ્પ્યુટિંગ અને એન્ટરપ્રાઈઝ સોફ્ટવેર ક્ષેત્રે ઓરેકલના શેરમાં આવેલા ઉછાળાના કારણે લેરી એલિસન ચોથા સ્થાને પહોંચ્યા છે.

૫. બર્નાર્ડ આર્નોલ્ટ
કંપનીઃ LVMH (લુઈ વિટન, ડીઓર)
નેટવર્થઃ $172 અબજ (આશરે રૂ.૧૪.૬૨ લાખ કરોડ)
લક્ઝરી ફેશન ક્ષેત્રના સુલ્તાન ગણાતા ફ્રાન્સના બર્નાર્ડ આર્નોલ્ટ વિશ્વના ટોપ-૧૦માં સામેલ એકમાત્ર બિન-અમેરિકન બિઝનેસમેન તરીકે પાંચમા ક્રમે છે.

૬. બિલ ગેટ્સ
કંપનીઃ માઈક્રોસોફ્ટ
નેટવર્થઃ $162 અબજ (આશરે રૂ.૧૩.૭૭ લાખ કરોડ)
ટેક દિગ્ગજ માઈક્રોસોફ્ટના કો-ફાઉન્ડર અને જાણીતા ફિલાન્થ્રોપિસ્ટ બિલ ગેટ્સ યાદીમાં છઠ્ઠા સ્થાને છે.

૭. લેરી પેજ
કંપનીઃ આલ્ફાબેટ (Google)
નેટવર્થઃ $152 અબજ (આશરે રૂ.૧૨.૯૨ લાખ કરોડ)
ગૂગલના સહ-સ્થાપક લેરી પેજ આલ્ફાબેટના ઉત્કૃષ્ટ બિઝનેસ ગ્રોથ સાથે સાતમા ક્રમે છે.

૮. વોરેન બફેટ
કંપનીઃ બર્કશાયર હેથવે
નેટવર્થઃ $148 અબજ (આશરે રૂ.૧૨.૫૮ લાખ કરોડ)
શેરબજારના 'ઓરેકલ ઓફ ઓમાહા' તરીકે ઓળખાતા દિગ્ગજ રોકાણકાર વોરેન બફેટ આઠમા ક્રમે અડીખમ છે.

૯. સર્ગેઈ બ્રિન
કંપનીઃ આલ્ફાબેટ (Google)
નેટવર્થઃ $145 અબજ (આશરે રૂ.૧૨.૩૨ લાખ કરોડ)
ગૂગલના અન્ય સહ-સ્થાપક સર્ગેઈ બ્રિન ટેક શેર્સના દમ પર નવમા સ્થાન પર યથાવત છે.

૧૦. સ્ટીવ બાલ્મર
કંપનીઃ માઈક્રોસોફ્ટ (પૂર્વ CEO / ઈન્વેસ્ટર)
નેટવર્થઃ $144 અબજ (આશરે રૂ.૧૨.૨૪ લાખ કરોડ)
માઈક્રોસોફ્ટના પૂર્વ સીઈઓ અને લોસ એન્જલસ ક્લિપર્સ ટીમના માલિક સ્ટીવ બાલ્મર ટોપ-૧૦ની ક્લબમાં દસમા ક્રમે છે.

ભારતીય શેરબજારમાં તાજેતરમાં જોવા મળેલી ભારે વોલેટિલિટી અને વિદેશી રોકાણકારો દ્વારા કરવામાં આવેલી વેચવાલીના કારણે ભારતીય દિગ્ગજોને મોટો આર્થિક ફટકો પડ્યો છેઃ

● મુકેશ અંબાણીને રૂ.૨૦૦૦૦ કરોડનું નુકસાનઃ રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝના ચેરમેન મુકેશ અંબાણીની નેટવર્થમાં શેરના કડાકા બાદ એક જ ઝાટકે આશરે રૂ.૨૦,૦૦૦ કરોડ ($2.5 અબજ)નું મોટું ધોવાણ થયું છે. આ ઘટાડા સાથે તેમની કુલ નેટવર્થ ઘટીને આશરે ઈ૧૦૨ અબજ (આશરે રૂ.૮.૬૭ લાખ કરોડ) થઈ ગઈ છે અને તેઓ લપસીને ૧૮મા ક્રમે પહોંચી ગયા છે.

● ગૌતમ અદાણી પણ ટોપ-૧૫માંથી બહારઃ અદાણી ગ્રૂપના ચેરમેન ગૌતમ અદાણીની સંપત્તિ પણ ઘટીને આશરે $98 અબજ (આશરે રૂ.૮.૩૩ લાખ કરોડ) આસપાસ આવી જતાં તેઓ ૧૯માંથી ૨૦મા સ્થાને સરકી ગયા છે.

# અમરેલીની શાંતાબા મેડિકલ કોલેજ ખાતે 'ચક્ષુદાન સપ્તાહ' નિમિત્તે નેત્રદાન જાગૃતિ કાર્યક્રમ યોજાયો



અમરેલી સ્થિત શ્રી શાંતાબા જનરલ હોસ્પિટલ અને મેડિકલ કોલેજ ખાતે 'ચક્ષુદાન સપ્તાહ'ની ઉજવણીના ભાગરૂપે એક વિશેષ ચક્ષુદાન જાગૃતિ કાર્યક્રમનું ભવ્ય આયોજન કરવામાં આવ્યું હતું. સમાજમાં નેત્રદાન પ્રત્યે જાગરૂકતા આવે અને અંધત્વ નિવારણ તરફ સકારાત્મક પગલું ભરી શકાય તેવા ઉમદા હેતુથી આ કાર્યક્રમ યોજાયો હતો. આ પ્રસંગે ઈન્ડિયન રેડક્રોસ સોસાયટી (સાવરકુંડલા શાખા)ના સેક્રેટરી મેહુલભાઈ વ્યાસ દ્વારા ચક્ષુદાનનું મહત્વ અને તેની પ્રક્રિયા વિશે સચોટ તેમજ પ્રેરણાદાયી માર્ગદર્શન પૂરૂ પાડવામાં આવ્યું હતું. તેમણે જણાવ્યું હતું કે ચક્ષુદાન એ મહાદાન છે, જેના દ્વારા કોઈ અંધ વ્યક્તિના જીવનમાં રોશની લાવી શકાય છે. તેમના પ્રેરણાદાયી વકતવ્યથી પ્રભાવિત થઈને ઉપસ્થિત અનેક લોકોએ ચક્ષુદાન કરવાનો પવિત્ર સંકલ્પ લીધો હતો. આ જાગૃતિ કાર્યક્રમમાં મેડિકલ સુપ્રિન્ટેન્ડન્ટ ડો. આર. એમ. જીતિયા, દિનેશભાઈ કાપડિયા, ડો. પૂજા મેડમ, ડો. હિરેન ઘાટડ, ડો. રોશની પરમાર તેમજ કિરણબેન રાઠોડ વિશેષ ઉપસ્થિત રહ્યા હતા. આ ઉપરાંત 'સંસ્કાર ગ્રુપ – અમરેલી'ના સભ્યો તથા પૂજા મેહુલ વ્યાસે પણ હાજરી આપીને કાર્યક્રમને સફળ બનાવવામાં મહત્વનો સહયોગ આપ્યો હતો.

### વિવિધ માંગણીઓને લઈને

## લીલીયા મોટા ખાતે ગ્રામ સેવકોએ કાળી પટ્ટી ધારણ કરી વિરોધ વ્યકત કર્યો

### લડત સરકાર સામે નહી પણ ન્યાય માટે શરૂ



લીલીયા મોટા, તા. ૯

લીલીયા મોટા ગ્રામ સેવકો દ્વારા ન્યાયી માંગણીઓના ઉકેલ માટે એકજૂથ થઈ આંદોલનની હાકલ કરાઈ ગુજરાત રાજય ગ્રામસેવક મહામંડળ દ્વારા ગ્રામસેવકોના વર્ષોથી પડતર પ્રશ્નો અને વિવિધ ન્યાયી માંગણીઓના ઉકેલ માટે તા. ૯ સપ્ટેમ્બરથી ૨ ઓકટોબર, ૨૦૨૬ સુધી આંદોલનાત્મક કાર્યક્રમ જાહેર કરવામાં આવ્યો છે. જેના ભાગરૂપે આજે લીલીયા ગ્રામસેવકોએ કાળી પટ્ટી ધારણ કરી ફરજ બજાવી સરકાર સામે પ્રતિકાત્મક વિરોધ નોંધાવ્યો હતો.ગ્રામસેવકોની મુખ્ય માંગણીઓમાં ડિજિટલ અને ક્ષેત્રીય કામગીરી માટે જરૂરી સાધનિક સુવિધાઓ પૂરી પાડવી, બિનસંબંધિત કામગીરીનું ભારણ ઘટાડવું, બઢતીની તકોમાં વધારો કરવો, અગાઉ મળતું ૪૨૦૦ ગ્રેડ પે ઉચ્ચતમ પગાર ધોરણ પુનઃ લાગુ કરવું, દર બે ગામ દીઠ એક ગ્રામસેવકનું મહેકમ ઊભું કરવું, સ્પષ્ટ જોબ ચાર્ટ જાહેર કરવો તથા પ્રવાસ ભથ્થામાં વધારો કરવા સહિતની માંગણીઓનો સમાવેશ થાય છે.આ ઉપરાંત ગ્રામસેવક સંવર્ગને પંચાયતતંત્રમાંથી કૃષિ વિભાગના વહીવટી માળખામાં સમાવેશ કરવા, ખાસ ભથ્થું આપવા તેમજ નીચલી કેડરના વધારાના ચાર્જમાંથી મુક્તિ આપવા પણ માંગ કરવામાં આવી છે.અમરેલી જિલ્લા ગ્રામસેવક મંડળે જણાવ્યું હતું કે, ગુજરાત રાજય ગ્રામસેવક મહામંડળ દ્વારા આગામી દિવસોમાં આપવામાં આવતા દરેક કાર્યક્રમમાં ગ્રામસેવકો સંપૂર્ણ એકતા અને શિસ્ત સાથે જોડાશે. ગ્રામસેવકોએ સ્પષ્ટ કર્યું હતું કે તેમની લડત કોઈ વ્યક્તિ કે સરકાર વિઢ્ઢ નહીં પરંતુ પોતાના ન્યાયી હકક અને માંગણીઓ માટેની છે તેમ ઈમરાન પઠાણની અખબારી યાદીમાં જણાવેલ છે.

### ખાંભા તાલુકાના ૫૬ ગામો માટે મહેસૂલી તલાટીઓનું નવું સમયપત્રક જાહેર

## મહેસૂલી તલાટીઓ દર સોમ અને બુધ નિયમિત સેજા હેઠળના અને મંગળ અને શુક્ર ચાર્જ હેઠળના સેજાના ગામોમાં ફરજ પર હાજર રહેશે

### અરજદારોનાં પ્રશ્નોનો સમયસર ઝડપી નિકાલ કરાશે

અમરેલી, તા. ૯

ગુજરાત સરકારના મહેસૂલ વિભાગ તથા કલેકટર, અમરેલીની સૂચના અનુસાર ખાંભા મામલતદાર કચેરીદ્વારા તાલુકાના ૧૩ સેજા હેઠળ આવતા ૫૬ ગામોમાં ફરજ બજાવતા મહેસૂલી તલાટીઓ માટે હાજરીનું નવું સમયપત્રક (ડયુટી ચાર્ટ) જાહેર કરવામાં આવ્યું છે.

ગામડાના નાગરિકોને મહેસૂલી કામગીરી માટે સરળતા રહે તેમજ અરજદારોના પ્રશ્નોનો સમયસર અને ઝડપી નિકાલ થાય તે હેતુથી મહેસૂલી તલાટીઓની સાપ્તાહિક કામગીરી અને હાજરીનું આયોજન કરવામાં આવ્યું છે.

આ સમયપત્રક મુજબ, મહેસૂલી તલાટીઓ દર સોમવાર અને બુધવારે પોતાના નિયમિત સેજા હેઠળના ગામોમાં, જયારે મંગળવાર અને શુક્રવારે ચાર્જ હેઠળના સેજાના ગામોમાં ફરજ પર હાજર રહેશે.

દર ગુરૂવારે તમામ મહેસૂલી તલાટીઓ વહીવટી સમીક્ષા તથા કામગીરી અર્થે મામલતદાર કચેરી, ખાંભા ખાતે ઉપસ્થિત રહેશે. જયારે દર શનિવારે ગામોની સ્થળ મુલાકાત તથા ક્ષેત્રીય કામગીરી માટેનો દિવસ નિયત કરવામાં આવ્યો છે. મામલતદાર એમ.ડી. ભાલોડીના જણાવ્યા મુજબ, નક્કી કરાયેલા આ સમયપત્રકના અમલથી મહેસૂલી સેવાઓમાં પારદર્શિતા અને સુગમતા વધશે તેમજ નાગરિકોના મહેસૂલી પ્રશ્નોના ઝડપી નિકાલમાં મદદ મળશે. ખાંભા તાલુકાના નાગરિકોને મહેસૂલી કામગીરી માટે સંબંધિત દિવસોએ પોતાના સેજાના ગામે ફરજ બજાવતા મહેસૂલી તલાટીની હાજરીનો લાભ લેવા અનુરોધ કરવામાં આવ્યો છે.

### જિલ્લા કક્ષાની સ્પર્ધામાં સારૂ પ્રદર્શન કર્યુ

## અરે વાહ : અમરેલીના ગજેરા કેમ્પસનાં ખેલાડીઓ SGFI કબડ્ડી ટુર્નામેન્ટમા અગ્રેસર

### બહેનોએ સુવર્ણ અને ભાઈઓએ કાસ્ય પદક મેળવ્યા



અમરેલી, તા. ૯

તારીખ ૨૦–૨૧ ઓગસ્ટ દરમ્યાન એસજીએફઆઈ કબડ્ડી ટુર્નામેન્ટનું આયોજન અમરેલી ખાતે કરવામાં આવેલ હતું.જેમાં જિલ્લાના અલગ–અલગ તાલુકાની શ્રેષ્ઠ શાળાકીય કબડ્ડી ટીમોએ આ સ્પર્ધામાં ભાગ લીધો હતો. જેમાં અમરેલી ગજેરા કેમ્પસ–વિદ્યાસભા બેહનોની ટીમ દ્વારા સતત શ્રેષ્ઠ પ્રદર્શન કરી ફાઈનલ સુધીનો સફર સફળ બનાવીને સુવર્ણ અને કાંસ્ય પદક મેળવી અમરેલીનું જિલ્લા કક્ષાએ ગૌરવ વધાર્યુ છે જેમાં ।–૧૪ બેહનોની ટીમ ૧)મોઢા ભૂમિકા ૨)વાઘેલા કોમલ ૩)લાખાણી હેત્વી૪)જાજડા હિરલ ૫)ડોડીયા જાનવી ૬)વંશ દ્રષ્ટિ ૭)ઝાપડિયા અંકિતા ૮)સિદ્ધા કિંજલ ૯)બરા જાનવી ૧૦)ચાવડા દ્રષ્ટિ ૧૧)કાચેલા યશ્વી ૧૨)મેરિયા દિશા ની ટીમ સુવર્ણ પદક સાથે વિજેતા થઈ. તથા ।–૧૪ ભાઈઓની ટીમ ૧)રોજાસરા હાર્દિક ૨)ડોડીયા ગ્રંથ ૩)ઘોડા સચિન ૪)ભેડા જયવીર ૫)ઝાપડિયા આદિત્ય ૬)જાદવ હિતેશ ૭) અમેજલીયા વિવેક ૮)ભાલીયા દિવ્યેશ ૯)ભાલીયા કિશન ૧૦)ઉતેળીયા ભૌતીક ૧૧)ડાભી ઉતમ ૧૨)જળું વંશ ની ટીમ એ કાંસ્ય પદક મેળવ્યુ. આ ગેરવસભર સિદ્ધિ પાછળ અમરેલી જિલ્લા ગજેરા કેમ્પસ–વિદ્યાસભા સ્પોર્ટ્સ સ્કૂલની વિશેષ ભૂમિકા રહી છે.

સતત મહેનત, નિયમિત પ્રશિક્ષણ અને કોચના માર્ગદર્શનનો મહત્વપૂર્ણ ફાળો રહ્યો છે. પ્રારંભિક રાઉન્ડથી જ ટીમે પોતાની શક્તિ અને આત્મવિશ્વાસનો પરિચય આપતા સતત શ્રેષ્ઠ પ્રદર્શન નોંધાવ્યું હતું. સંસ્થામાં તજજ્ઞો દ્વારા શિક્ષણ કાર્ય તેમજ વિદ્યાર્થીઓએ રમત–ગમત ક્ષેત્રે સતત કોચ દ્વારા પ્રશિક્ષણ મેળવી સિદ્ધિઓ પ્રાપ્ત કરેલ છે તે બદલ સંસ્થાના પ્રમુખ વસંતભાઈ ગજેરા, મેનેજીંગ ટ્રસ્ટી અશોકભાઈ ગજેરા અને મંત્રી ચતુરભાઈ ખૂંટ, મનસુખભાઈ ધાનાણી તેમજ કેમ્પસ ડાયરેકટર વસંતભાઈ પેથાણીએ વિજેતા કબડ્ડી ટીમ, તેમજ કોચ ખોડુભાઈ ખુમાણ અભિનંદનપાઠવ્યા હતા. તેમજ રાજયકક્ષા માટે શુભેચ્છાઓ પાઠવી હતી. તેમ વિદ્યાસભાની યાદી જણાવે છે.

### તાલુકા કોંગ્રેસ સમિતિએ મામલતદાર મારફત મુખ્યમંત્રીને

## લીલીયા મોટા ખાતે ખેડૂતો, શ્રમિકો અને પશુપાલકોને સહાય કરવાની માંગ સાથે આવેદન પત્ર પાઠવ્યું

### ખેડૂતોનાં દેવા માફ કરવા, નુકસાનનુ સર્વે કરવા માંગ



લીલીયા મોટા, તા. ૯

લીલીયા મોટા તાલુકા કોંગ્રેસ પ્રમુખ નીતિનભાઈ. આર. ત્રિવેદીના અધ્યક્ષ સ્થાને કોંગ્રેસ સમિતિ દ્વારા વિવિધ માંગણીઓને લઈને મામલતદાર મારફત રાજયપાલ તેમજ મુખ્યમંત્રીને આવેદનપત્ર પાઠવવામાં આવેલ હતું જેમાં જણાવેલ કે (૧) મજુરોના નરેગા યોજનાના પગાર બાકી હોય જે તાકિદે ચુકવવા, (૨) હાલમાં વરસાદ ઓછો પડયો હોવાથી પાક સદંતર નિષ્ફળ જાય તેમ છે તો તાકિદે દુષ્કાળ જાહેર કરીને ખેડુતોને સહાય ચુકવવા તેમજ ખેડુતોના કરજ માફ કરવા, (૩) પશુપાલન સમાજને ઘાસ–ચારાની મુશ્કેલી હોય તાકિદે ઘાસ–ચારાની વ્યવસ્થા કરવામાં આવે, (૪) મજુર વર્ગને મજુરી ન મળતી હોય તાકિદે નરેગા યોજનાના કામ તાકિદે શરૂ કરવામાં આવે, (૫) બે મહિના પહેલા થયેલ અતિવૃષ્ટિમાં જે ગામડાઓમાં નુકસાન થયેલ છે. જેનો સર્વે પણ થયેલ છે. જેની તાકિદે સહાય/કેશડોલ ચુકવાવામાં આવે. જેવા વિવિધ મુદ્દાએ મામલતદાર કચેરીએ આવેદનપત્ર પાઠવી રજુઆત કરવામા આવેલ છે આ તકે તાલુકા પંચાયત પ્રમુખ જગાભાઈ દેથલીયા, ઉપપ્રમુખ વિજયભાઈ કોગથિયા ખોડાભાઈ માળવિયા, જનકભાઈ દુધાત, ભીખાભાઈ હેલૈયા,હિતેશ રંગપરા, ચોથાભાઈ કસોટીયા, મુન્નાભાઈ દુધાત, ભીખાભાઈ દેવાણી સહિત તાલુકા કોંગ્રેસ પરિવારના કાર્યકરો તાલુકા પંચાયતના સદસ્યો સહિતના લોકો ઉપસ્થિત રહેલ તેમ ઈમરાન પઠાણની અખબારી યાદીમાં જણાવેલ છે.

## અમરેલી : જનરલ હોસ્પિટલ ખાતે મટકી ઉત્સવ ઉજવાયો



અમરેલી, તા. ૯

જનરલ હોસ્પિટલ–અમરેલી ખાતે તા. ૨ સપ્ટેમ્બર ૨૦૨૬ના રોજ સમગ્ર સ્ટાફના સહયોગથી આનંદભેર મટકી ઉત્સવ ઉજવાયો. દિવ્યાંગ બાળકોએ રાધા–કૃષ્ણની સુંદર વેશભૂષા ધારણ કરી સેના મન મોહી લીધા. ડીઈઆઈસી સ્ટાફ દ્વારા તિલક કરી બાળકોનું સ્વાગત કરવામાં આવ્યું.ડીઈઆઈસી સ્ટાફ દ્વારા વિવિધ મનોરંજક અને શૈક્ષણિક પ્રવૃત્તિઓ કરાવવામાં આવી સાથે બાળકોએ ઉત્સાહભેર મટકી ફોડી અને સમગ્ર વાતાવરણ કૃષ્ણમય બની ગયું.

સ્ટાફના સહયોગથી કાર્યક્રમ સફળ રહ્યો. અંતે બાળકોને નાસ્તો અને ભેટનું વિતરણ કરવામાં આવ્યું.આ કાર્યક્રમનો હેતુ દિવ્યાંગ બાળકોમાં આનંદ, આત્મવિશ્વાસ, પ્રેમ અને સ્વીકારની લાગણી વધારવાનો હતો. દિવ્યાંગતા બાળકની ઓળખ નથી; તેની ઓળખ તેની ક્ષમતા, પ્રતિભા અને નિર્દોષ સ્મિતમાં છે.

### કોટડાપીઠાનાં બે ઈસમો વિરૂધ્ધ ફરિયાદ

## બાબરામાં રહેતા અને આઈનોક્ષ કંપનીનાં સીકયુરીટી ગાર્ડ ઉપર કાર ચડાવવાનો પ્રયાસ

### કંપનીમાં કામ ન મળતાં આરોપીઓ ઉશ્કેરાયા

અમરેલી, તા. ૯

બાબરા તાલુકાના કોટડાપીઠા ગામે રહેતા જયપાલ કીરીટભાઈ બોરીચા તથા વનરાજ વલકુભાઈ બોરીચા નામના આરોપીઓને કોટડાપીઠા ગામમાં પવનચક્કી ઉભી થવાનું કામ શરૂ હોય અને તેનું લાયજનીંગનું કામ તેમણે રાખવુ હોય, પરંતુ કંપની કામ આપતી ન હોય. જેથી અવાર નવાર આ લોકો કંપની પાસેથી પૈસાની માંગણી કરતા હોય પરંતુ કંપની તેઓને કામ કે પૈસા આપતી ના હોય. તે વાતનો ખાર રાખી આરોપીઓ આઈનોક્ષ કંપની પાસેથી બળજબરીપુર્વક લાઈજનીંગનુ કામ કઢાવી લેવા સારૂ ગુન્હાહીત કાવતરૂ રચી ગત તા. ૭ના રોજ રાત્રે ૧૦:૩૦થી ૧૦:૪૫ વાગ્યાના અરસામાં કોટડાપીઠા ગામે એક સફેદ કલરની નંબર પ્લેટ વગરની ક્રેટા ગાડી લઈ આવી બાબરા ગામે કરીયાણા રોડ, એકસચેન્જ ઓફીસની સામે રહેતા અને સીકયુરીટી તરીકે નોકરી કરતા શૈલેષભાઈ રાણાભાઈ હેલૈયા નામના યુવકને જાનથી મારી નાખવાના ઈરાદે તેમના ઉપર ક્રેટા ગાડી આવવા દીધેલ હતી. જેથી યુવક તથા લોકો છેલ્લી ઘડીએ માંડ માંડ ઉભા થઈ તેમનો જીવ બચાવેલ અને ત્યાંથી ભાગવા લાગેલ હતા. બાદમાં આરોપીઓ ગાડીમાંથી ઉતરી બંને તેમના હાથમાં લોખંડના પાઈપો લઈને યુવક સહિતનાને મારવા માટે ત્રણેયની પાછળ દોડી ગાળો આપી જ્ઞાતી પ્રત્યે અપશબ્દો કહી જાનથી મારી નાખવાની ધમકી આપી અને પવનચક્કીની જગ્યા ઉપર પડેલ હાઈડ્રો ક્રેન રજી. નં. યુપી–૬૫ એલટી–૭૩૦૯ વાળીના કેબીનના કાચ તોડી તથા SANY કંપનીની પવનચકકીના પાંખડા ચડાવવા માટેની મોટી ક્રેનની ઓપરેટર કેબીનના કાચ તોડી નુકસાન કર્યાની સીકયુરીટી તરીકે નોકરી કરતા યુવકે પોલીસમાં ફરિયાદ નોંધાવી છે.

# અમરેલી : કમાણી સાયન્સ એન્ડ પ્રતાપરાય આર્ટ્સ કોલેજ, BCA વિભાગમાં શિક્ષક દિવસની ઉજવણી



અમરેલી શાંતાબેન હરિભાઈ ગજેરા કેમ્પસ તથા અમરેલી જિલ્લા વિદ્યાસભા સંચાલિત કમાણી સાયન્સ એન્ડ પ્રતાપરાય આટર્સ કોલેજ, અમરેલી ખાતે તા. ૯/૯/૨૦૨૬નાં રોજ શિક્ષક દિવસની ઉત્સાહભેર ઉજવણી કરવામાં આવી હતી. આ પ્રસંગે વિદ્યાર્થીઓએ શિક્ષકની ભૂમિકા નિભાવીને સમગ્ર કાર્યક્રમમાં ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. વિદ્યાર્થીઓએ શિક્ષકો પ્રત્યે આદર, સન્માન અને કૃતજ્ઞતાની ભાવના વ્યક્ત કરી હતી. સમગ્ર કાર્યક્રમ દરમિયાન આનંદ અને ઉત્સાહનું વાતાવરણ જોવા મળ્યું હતું. કાર્યક્રમને સફળ બનાવવા માટે કોલેજનાં તમામ સ્ટાફમિત્રો, કોઓર્ડીનેટર તેમજ બીસીએ વિભાગનાં એચઓડી પી.વી. ઠુંમર દ્વારા નોંધપાત્ર મહેનત અને આયોજન કરવામાં આવ્યું હતું. આ સમગ્ર આયોજન બદલ અમરેલી જિલ્લા વિદ્યાસભાનાં પ્રમુખ તથા સર્વોત્તમ શિક્ષણના સ્વપ્ન દ્રષ્ટા વસંતભાઈ ગજેરા, મંત્રી મનસુખભાઈ ધાનાણી, ચતુરભાઈ ખુંટ, અમરેલી જિલ્લા વિદ્યાસભાનાં નિયામક ડો. અતુલભાઈ પટેલ તેમજ કોલેજનાં ઈન્ચાર્જ પ્રિન્સિપાલ ચંદ્રવાડિયા દ્વારા સમગ્ર કોલેજ પરિવાર તથા વિદ્યાર્થીઓને હૃદયપૂર્વક અભિનંદન અને શુભેચ્છાઓ પાઠવવામાં આવી હતી.

# બાબરામાં જલારામ બાપાનાં મંદિરે પોલીસ અધિક્ષકની અધ્યક્ષતામાં લોક દરબાર અને સાયબર જાગૃતિ કાર્યક્રમ યોજાયો






તસ્વીર : પંકજ ઈન્દ્રોડીયા–બાબરા

બાબરા પોલીસ સ્ટેશન દ્વારા શહેરનાં જલારામ બાપાનાં મંદિર ખાતે જિલ્લા પોલીસ વડા સંજય ખરાતની અધ્યક્ષતામાં લોક દરબાર તથા સાયબર જાગૃતિ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. પોલીસ અને પ્રજા વચ્ચે સીધો સંવાદ સ્થાપિત થાય તેમજ લોકોમાં વધતા જતા સાયબર ગુનાઓ અંગે જાગૃતિ આવે તે હેતુથી યોજાયેલા આ કાર્યક્રમમાં શહેર તથા તાલુકાના વિવિધ ક્ષેત્રોનાં અગ્રણીઓ અને મોટી સંખ્યામાં નાગરિકો ઉપસ્થિત રહ્યા હતા. કાર્યક્રમ દરમિયાન જિલ્લા પોલીસ વડા સંજય ખરાતે સાયબર ક્રાઈમનાં વધતા બનાવો અંગે લોકોને વિસ્તૃત માર્ગદર્શન આપતાં જણાવ્યું હતું કે, આજના ડિજિટલ યુગમાં ટેકનોલોજીનો ઉપયોગ જેટલો વધ્યો છે તેટલું જ સાયબર છેતરપિંડીનું જોખમ પણ વધ્યું છે. અજાણ્યા વ્યક્તિનાં ફોન, મેસેજ, લિંક કે એપ્લિકેશન પર વિશ્વાસ ન કરવો તેમજ કોઈપણ સંજોગોમાં પોતાના બેંક એકાઉન્ટની વિગતો, પાસવર્ડ, એટીએમ/ડેબિટ–ક્રેડિટ કાર્ડની માહિતી, પીન, ઓટીપી કે અન્ય ગોપનીય માહિતી કોઈ અજાણ્યા વ્યક્તિ સાથે શેર ન કરવી તે અંગે ખાસ સમજ આપવામાં આવી હતી. તેમણે સાયબર ફ્રોડનાં વિવિધ પ્રકારો અંગે લોકોને માહિતગાર કરી સાવચેતી અને સતર્કતા જ સાયબર ગુનાઓથી બચવાનો સૌથી અસરકારક ઉપાય હોવાનું જણાવ્યું હતું. કોઈ વ્યક્તિ છેતરપિંડીનો ભોગ બને તો ગભરાયા વિના તાત્કાલિક પોલીસનો સંપર્ક કરી જરૂરી માહિતી આપવાની પણ અપીલ કરવામાં આવી હતી. આ સાથે લોક દરબાર દરમિયાન પોલીસ અધિકારીઓ દ્વારા ઉપસ્થિત નાગરિકોની રજૂઆતો અને પ્રશ્નો સાંભળવામાં આવ્યા હતા. પોલીસ અને પ્રજા વચ્ચે પરસ્પર વિશ્વાસ અને સહકાર વધુ મજબૂત બને તેમજ સ્થાનિક સ્તરે કાયદો અને વ્યવસ્થાની સ્થિતિ વધુ સુદઢ બને તે દિશામાં પણ ચર્ચા કરવામાં આવી હતી. આ પ્રસંગે બાબરા પીઆઈ, ડીવાયએસપી સહિતનાં પોલીસ અધિકારીઓ તથા પોલીસ સ્ટાફ ઉપસ્થિત રહ્યા હતા. ઉપરાંત બાબરા નગરપાલિકા પ્રમુખ, તાલુકા પંચાયત પ્રમુખ, ચેમ્બર ઓફ કોમર્સનાં પ્રમુખ, ગ્રામ પંચાયતનાં સરપંચો, વેપારીઓ તેમજ શહેર –તાલુકાનાં વિવિધ સામાજિક અને રાજકીય અગ્રણીઓ સહિત મોટી સંખ્યામાં લોકો ઉપસ્થિત રહી કાર્યક્રમને સફળ બનાવ્યો હતો. કાર્યક્રમ દરમિયાન બાબરા શહેરનાં વિવિધ અગ્રણીઓ દ્વારા જિલ્લા પોલીસ વડા સંજય ખરાતનું પુષ્પગુચ્છ તથા સન્માન સાથે ભવ્ય અભિવાદન કરવામાં આવ્યું હતું. પોલીસ વિભાગ દ્વારા પ્રજાની સુરક્ષા સાથે લોકજાગૃતિને પણ પ્રાથમિકતા આપવામાં આવી રહી હોવાનું આ કાર્યક્રમથી સ્પષ્ટ થયું હતું. સમગ્ર કાર્યક્રમનું અસરકારક અને રસપ્રદ સંચાલન બાબરાનાં જાણીતા કવિ હરેશભાઈ વડાવીયાએ કરી ઉપસ્થિત સૌને કાર્યક્રમ સાથે જોડયા હતા. લોક દરબાર અને સાયબર જાગૃતિ કાર્યક્રમના માધ્યમથી પોલીસ તથા પ્રજા વચ્ચેનો સંવાદ વધુ મજબૂત બન્યો હતો અને સાયબર ગુનાઓ સામે સાવચેતી રાખવા અંગે લોકોમાં મહત્વપૂર્ણ જાગૃતિ ફેલાઈ હતી.

## પાના ૧ ઉપરનું ચાલું અમરેલીનાં મોટા આંકડીયાનાં

વર્ષના બાળકના અપહરણની ચકચારી ઘટના સામે આવતા એલ.સી.બી. અને અમરેલી રૂરલ પોલીસની ટીમો એકશનમાં આવી હતી. આ ઘટનામાં માત્ર આરોપીના નામ સિવાય કોઈ ચોક્કસ માહિતી ન હોવા છતાં અમરેલી પોલીસે ટેકનિકલ સર્વેલન્સ, હ્યુમન ઈન્ટેલિજન્સ અને ૧૭૦થી વધુ સીસીટીવી કેમેરાના ફૂટેજના આધારે ગણતરીના કલાકોમાં અપહૃત બાળકને રાજકોટના વીરપુર ગામેથી શોધી કાઢી તેના માતા–પિતાને હેમખેમ સોંપી દીધું હતું.

મળતી માહિતી મુજબ અમરેલી તાલુકાના મોટા આંકડીયા ગામે રહેતા અને મૂળ મધ્યપ્રદેશના વતની રાકેશભાઈ બામણીયાના પાંચ વર્ષના પુત્રનું અપહરણ થયું હતું. આ બનાવ અંગે ગત તા. ૭ના રોજ અમરેલી રૂરલ પોલીસ મથકે જાણ કરવામાં આવતા જિલ્લા પોલીસ અધિક્ષક સંજય ખરાતના માર્ગદર્શન હેઠળ તાત્કાલિક કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી.

રાકેશભાઈના જણાવ્યા મુજબ આશરે છ માસ પહેલા મોટા આંકડીયા ગામે રહેતા એક લલિત રૂપસિંગભાઈ જમરે નામના યુવક સાથે તેમની ઓળખાણ થઈ હતી. ત્યારબાદ આરોપી લલિત રાકેશભાઈના જયાં કામ કરતા હતા તે ખેતર ઉપર આવવા–જવાનું શરૂ કર્યુ હતું.

આશરે દસ દિવસ અગાઉ આરોપી લલિત ફરી એક વખત રાકેશભાઈના ખેતરે આવ્યો હતો અને કોઈ કામ કે મજૂરી ન મળે ત્યાં સુધી તેમની સાથે ખેતરે રહેવા દેવા વિનંતી કરી હતી. જેથી વિાસના આધારે રાકેશભાઈએ તેમને ખેતરે રહેવાની મંજૂરી આપી હતી.

આ દરમિયાન ગત તા. ૬ના રોજ આ રાકેશભાઈ અને તેમની પત્ની ખેતરમાં કામ કરી રહ્યા હતા ત્યારે મોટર સાયકલનો અવાજ આવતા તેમણે જોયું કે લલિત રાકેશભાઈનું મોટરસાયકલ લઈ પોતાના પાંચ વર્ષના પુત્રને સાથે બેસાડી કયાંક જઈ રહ્યો હતો. લાંબો સમય વીતી ગયા બાદ પણ આરોપી લલિત અને બાળક પરત ન આવતા પરિવારજનોએ શોધખોળ શરૂ કરી હતી. આસપાસના ખેતરો, વાડી અને ગામમાં તપાસ કરવા છતાં બાળકનો પત્તો ન લાગતા આખરે પોલીસનો સંપર્ક કરવામાં આવ્યો હતો.

બનાવની ગંભીરતાને ધ્યાને લઈ અમરેલીના નાયબ પોલીસ અધિક્ષક ચિરાગ દેસાઈની સૂચના હેઠળ અમરેલી એલ.સી.બી. પી.આઈ. સી.પી. વાઘેલા તથા અમરેલી રૂરલ પોલીસ સ્ટેશનના પી.આઈ.એ અલગ–અલગ ટીમો બનાવી તપાસ શરૂ કરી હતી.

આરોપી પાસે મોબાઈલ ફોન ન હોવાથી પોલીસ સામે પડકાર હતો. મોટરસાયકલના નંબરને આધારે તપાસ શરૂ કરવામાં આવી હતી. અમરેલી જિલ્લા નેત્રમ શાખાની મદદથી વાહન અમરેલીથી રાજકોટ ગ્રામ્ય તરફ ગયું હોવાનું પ્રાથમિક રીતે સામે આવ્યું હતું. ત્યારબાદ રાજકોટ ગ્રામ્ય જિલ્લા નેત્રમ શાખા તથા ગાંધીનગર સ્ટેટ કંટ્રોલ રૂમની ત્રીનેત્ર શાખાની મદદથી વાહનની હિલચાલ પર નજર રાખવામાં આવી હતી.

તપાસ દરમિયાન વાહનનો પત્તો જેતપુર ટાઉન તરફ મળતા પોલીસની ટીમો તાત્કાલિક ત્યાં પહોંચી હતી. જેતપુર વિસ્તારમાં વિવિધ સીસીટીવી કેમેરાના ફૂટેજ તપાસતા આરોપી રાજકોટ–પોરબંદર નેશનલ હાઈવે તરફ જતો હોવાનું જણાયું હતું. પોલીસે હાઈવે રૂટના સીસીટીવી કેમેરા ઉપરાંત રેલવે સ્ટેશન, બસ સ્ટેશન, હોટલો, કારખાનાં અને કંપનીઓ સહિતના સ્થળોએ તપાસ શરૂ કરી હતી.

સતત તપાસ દરમિયાન આરોપી વિરપુર ગામ તરફ ગયો હોવાનું સીસીટીવી ફૂટેજ પરથી સામે આવ્યું હતું. ત્યારબાદ પોલીસ ટીમોએ વિરપુર ગામની ઝૂંપડપટ્ટી, ધર્મશાળા, ભોજનાલયો, ગેસ્ટહાઉસ, હોટલો તેમજ આસપાસના વાડી–ખેતરોમાં રહેતા પરપ્રાંતીય મજૂરોની તપાસ કરી હતી. ચોક્કસ બાતમીના આધારે પોલીસે વિરપુર ગામ ખાતેથી આરોપી લલિતના કબજામાંથી પાંચ વર્ષના બાળકને હેમખેમ છોડાવી લીધું હતું.

પોલીસે બાળકને સુરક્ષિત રીતે તેના માતા–પિતાને સોંપતા પરિવારજનોમાં રાહતની લાગણી પ્રસરી હતી. અપહરણના આ બનાવમાં પોલીસની પાંચ જેટલી ટીમોએ સતત આશરે ૧૫ કલાક સુધી કામગીરી કરી અને ૧૭૦થી વધુ સીસીટીવી કેમેરાના ફૂટેજ તપાસી સફળતા મેળવી હતી.

## પાના ૧ ઉપરનું ચાલું અમર ડેરી ખાતે આઈસ્ક્રીમ અને પનીર

થયું હતું. જયારે પૂર્વ કેન્દ્રીય પશુપાલન મત્સ્યોદ્યોગ અને ડેરી મંત્રી અને રાજકોટના સાંસદ પરશોત્તમભાઈ રૂપાલાના હસ્તે 'રાષ્ટ્રીય ગોકુલ મિશન' અંતર્ગત રૂા. ૧૦૦ કરોડના ખર્ચે તૈયાર થયેલ ગીર ગાયના સંવર્ધન આઈ.વી.એફ.ના સેન્ટર ઓફ એકસેલન્સનું લોકાર્પણ થયું હતું. જયારે ઈફકોના ચેરમેન દિલિપભાઈ સંઘાણી સહિતના ઉપસ્થિત મહાનુભાવોના હસ્તે અમર ડેરી ખાતે રૂા. ૪૫ કરોડના ખર્ચે થયેલા આઈસ્ક્રીમ અને પનીર મેન્યુફેકચરીંગ પ્લાન્ટનું લોકાર્પણ થયું હતું.

આ પ્રસંગે કેન્દ્રીય મત્સ્યોદ્યોગ, પશુપાલન, ડેરી, પંચાયતીરાજ રાજયમંત્રી એસ.પી. સિંઘ બઘેલએ જણાવ્યું હતું કે, વડાપ્રધાનનું સ્વપ્ન છે કે ખેડૂતોની આવક બમણી થાય અને તે ત્યારે જ શકય થશે જયારે તેમાં કૃષિ સાથે પશુપાલન જોડવામાં આવે. વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીએ આપેલા 'જય જવાન, જય કિસાન, જય વિજ્ઞાન, જય અનુસંધાન'ના મંત્રની સાર્થકતા જોવા માટે લોકોએ અમરેલી આવવું પડશે અને અહીં જોવું પડશે. સહકારી ક્ષેત્રમાં ગુજરાતના મોડેલને આખા ભારતનું મોડેલ બનાવવું જોઈએ. આણંદની જેમ અમરેલી પણ વિના નકશા પર પશુપાલન, સહકારી ક્ષેત્ર અને ડેરી માટે ઓળખાય તે માટે કેન્દ્ર સરકાર જે પણ ભૂમિકા ભજવી શકે છે, તે નિભાવવા માટે હું સંપૂર્ણપણે તૈયાર છું.

તેમણે ઉમેર્યું હતું કે, જયારથી કેન્દ્રમાં અમિત શાહએ સહકાર મંત્રાલય સંભાળ્યું છે, ત્યારથી સહકારી આંદોલનમાં નવી ચેતના આવી છે. 'ત ક્રાંતિ–ર' માં ૭૫,૦૦૦ ડેરી સહકારી મંડળીઓ રચવાનો નિર્ણય લેવાયો છે. ૭૫,૦૦૦માંથી લગભગ ૪૬,૦૦૦ નવી ડેરી સહકારી મંડળીઓની રચના થઈ ચૂકી છે.

જે કાર્ય ગુજરાતમાં ત્રિભુવનદાસ પટેલે શરૂ કરેલી 'અમૂલ' સફળતાની એક ગાથા છે, જેમાં અનેક પેઢીઓની મહેનત છે. આપણે ભારતને એફએમડી રોગ મુકત કરી બતાવીશું. વર્ષ ૨૦૧૪માં જયાં ૨૩૮ રોગચાળાના કિસ્સા નોંધાતા હતા, તે હવે ઘટીને ૪૦ પર આવી ગયા છે. અમે આઈસીએઆર અને આઈસીએમઆરને બોલાવીને કહીશું કે, તેમના વૈજ્ઞાનિકો બ્રુસેલોસિસ રસી પણ શોધે. આ પ્રસંગે તેમણે અમરેલીને પોતાના કેન્દ્રીય મંત્રી તરીકેના કાર્યકાળ માં રૂા. ૧૦૦ કરોડનું ગીર ગાયના આઈ.વી.એફ. અને સંવર્ધન માટે સેન્ટર ઓફ એકસેલન્સની ભેટ આપવા માટે રાજકોટના સાંસદ અને પૂર્વ કેન્દ્રીય મંત્રી પરશોત્તમભાઈ રૂપાલાને બિરદાવ્યા હતા.

આ પ્રસંગે પૂર્વ કેન્દ્રીય મંત્રી અને રાજકોટના સાંસદ પરશોત્તમભાઈ રૂપાલાએ અધ્યક્ષ સ્થાનેથી ઉદ્‌બોધન કરતા કહ્યું હતું કે, આઈ.વી.એફ.ની પદ્ધતિથી સેકસ શોર્ટેડ સીમેન થકી ફકત વાછરડીનો જ જન્મ થાય તેવી ટેકનોલોજી ઉપલબ્ધ થઈ છે. મોટી સંખ્યામાં ખેડૂતો આ પ્રયોગમાં સહભાગી થશે તો પશુપાલન થકી નવી વૈકલ્પિક રોજગારી મળશે.

આ તકે ઈફકોના ચેરમેન દિલિપભાઈ સંઘાણીએ વિવિધ મંડળીઓની સહકારી પ્રવૃત્તિ અને ઈફકોની પ્રવૃત્તિ વિશે મંત્રીને માહિતી આપી હતી. આ પ્રસંગે ઈફકો દ્વારા ખેડૂતોને મોપેડ ઓપરેટેડ સ્પ્રે પમ્પિંગ મશીનનું ચાવી આપી લાભ વિતરણ કરવામાં આવ્યો હતો. કાર્યક્રમમાં કેમ્પસના પરિસરમાં 'એક પેડ માં કે નામ' અંતર્ગત આંબાની કલમ વાવી અને વિતરણ કરવામાં આવ્યું હતું. વિવિધ યોજના અંતર્ગત શ્રેષ્ઠ મંડળીઓ, પશુપાલકોનું સન્માન કરવામાં આવ્યું હતું. કાર્યક્રમના પ્રારંભે અમર ડેરીના ચેરમેન અનિભાઈ સાવલિયાએ સ્વાગત પ્રવચન કર્યુ હતું જયારે આંતરાષ્ટ્રીય કો–ઓપરેટિવ અલાયન્સના ઉપપ્રમુખ પ્રિતીબહેન પટેલે આભાર વિધિ કરી હતી.

આ કાર્યક્રમમાં સાંસદ ભરતભાઈ સુતરિયા, અમર ડેરીના ચેરમેન અનિભાઈ સાવલિયા જિલ્લા પંચાયતના ઉપપ્રમુખ મહાવીર બાપૂ, પૂર્વ સાંસદ નારણભાઈ કાછડીયા, ઈફકોના માર્કેટીંગ ડાયરેકટ યોગેન્દ્ર કુમાર, અમરેલી જિલ્લા ખરીદ વેચાણ સંઘના પ્રમુખ જયંતિભાઈ પાનસુરિયા, ગીતાબહેન સંઘાણી, અતુલભાઈ કાનાણી, હિરેનભાઈ હીરપરા, મનિષભાઈ સંઘાણી સહિતના મહાનુભાવો ઉપસ્થિત રહ્યા હતા.

## અવસાન નોંધ

**બાબરા :** બાબરા નિવાસી માણશિયાભાઈ ભીમભાઈ વાળાના ધર્મપત્ની જશવંતબા માણશીયાભાઈ વાળા (ઉ.વ. ૭૮) તે મેરામભાઈ વાળાનાં માતૃશ્રીનું તા. ૯/૯/૨૬ને બુધવારનાં રોજ દુઃખદ અવસાન થયેલ છે.

## સાવરકુંડલા તાલુકાના ૭૭ ગામો માટે મહેસૂલી તલાટીઓનું નવું સમયપત્રક જાહેર

અમરેલી, તા. ૯

મહેસૂલી તલાટીઓ દર સોમવાર અને બુધવારે પોતાના નિયમિત સેજા હેઠળના ગામોમાં, જયારે મંગળવાર અને શુક્રવારે ચાર્જ હેઠળના સેજાના ગામોમાં ફરજ પર હાજર રહેશે

ગુજરાત સરકારના મહેસૂલ વિભાગ તથા કલેક્ટરશ્રી, અમરેલીની સૂચના અનુસાર સાવરકુંડલા મામલતદાર કચેરી દ્વારા તાલુકાના ૧૩ સેજા હેઠળ આવતા ૫૬ ગામોમાં ફરજ બજાવતા મહેસૂલી તલાટીઓ માટે હાજરીનું નવું સમયપત્રક (ડયુટી ચાર્ટ) જાહેર કરવામાં આવ્યું છે.

સાવરકુંડલા તાલુકાની ૧૯ સેજા હેઠળના કુલ ૭૯ મહેસૂલી ગામોને આવરી લેવામાં આવ્યા છે. તાલુકામાં સમાવિષ્ટ ગામોમાં મહેસૂલી તલાટીઓની ઉપલબ્ધતા અને કામગીરી સુનિશ્ચિત થાય તે રીતે ફરજનું આયોજન કરવામાં આવ્યું છે.

નાગરિકોને પોતાના ગામને લગતી મહેસૂલી કામગીરીમાટે સંબંધિત મહેસૂલી તલાટીની ઉપલબ્ધતા અંગે અગાઉથી સ્પષ્ટતા રહે તેમજ સરકારી મહેસૂલી કામગીરીનો અસરકારક અને સમયબદ્ધ નિકાલ થઈ શકે તે માટે સેજા અને ગામવાર ફરજનું આયોજન કરવામાં આવ્યું છે.

આ યાદી મુજબ, મહેસુલી તલાટીઓ સોમવાર, મંગળવાર, બુધવાર પોતાના સેજાના ગામોમાં ફરજ બજાવશે જયારે ગુરૂવારે મામલતદાર કચેરી સાવરકુંડલા ખાતે ફરજ બજાવશે. જયારે શુક્રવારે અને શનિવારે સેજાના ગામોની ક્ષેત્રીય કામગીરી બજાવશે. આ ઉપરાંત સાવરકુંડલા સાવર– સામાપાદર (સીટી તલાટી) અને સીટી તલાટી કુંડલા, સીટી તલાટી–ર એમ કુલ ૦૩ મેહસુલી તલાટી તમામ દિવસે મામલતદાર કચેરી, સાવરકુંડલા ખાતે ફરજ બજાવશે તેમ મામલતદાર સાવરકુંડલાએ એક યાદીમાં જણાવ્યું છે.

## પાના ૧ ઉપરનું ચાલું બાબરાનાં ચમારડીમાં તબીબી ડીગ્રી વગર

ઘોરડા નામના ૪૪ વર્ષીય આધેડે બાબરા તાલુકાના ચમારડી ગામે હરીભાઈ ચોકમાં પોતે કોઈપણ સરકાર માન્ય એલોપેથીક સારવાર કરવા માટેની ડિગ્રી વગર કિલનીક ચલાવી દર્દીઓ પાસેથી ફી લઈ દર્દીઓને સારવાર આપી પૈસા વસુલ કરી ડોકટરની રજી. મેડીકલ પ્રેકટીસનરને લગતી ડિગ્રી ન હોવા છતા એલોપેથીક દવાઓ તથા મેડીકલને લગત સાધન સામગ્રી વસ્તુ નંગ–૧૯ જેની કુલ કિંમત રૂપિયા ૫૭૮૦ના મુદામાલ રાખી મેડીકલ પ્રેકટીસ કરી પોતાના આ કૃત્યથી માનવ જીંદગી જોખમાય તેમ હોય તેવુ પોતે જાણતા હોવા છતાં દર્દીઓને નિદાન સારવાર આપી માનવ જીંદગી સાથે ચેડા કરતો હોય. આ અંગે મેડીકલ ઓફીસર પીએચસી ચમારડીને બાતમી મળતા તેમને ઝડપી લઈ ધોરણસર કાર્યવાહી હાથ ધરેલ છે.

## પાના ૮ ઉપરનું ચાલું વડિયાની ગૌશાળામાં ઘાસચારાની અછત

છે. દાતાઓના સહયોગથી હાલ ઘાસચારાના આભાવે ગાયોને શાકભાજી ખવડાવવામાં આવી રહ્યું છે.

ત્યારે આ બાબતે ગૌશાળા સંચાલકનો સંપર્ક કરતા તેમને જણાવ્યુંહતુ કે, હાલ ગૌશાળામાં ઘાસચારાની તીવ્ર તંગી છે ચારાના ભાવ આસમાને પહોંચતા તેને ખરીદવો મુશ્કેલ થઇ રહ્યો છે. ત્યારે આવનાર સમયમાં આ સ્થિતિ વધુ વિકટ બની શકે તેમ છે. ત્યારે હિન્દુ ધર્મમાં જેને માતાનો દરજજો અપાયો છે તેવી ગાય માતા માટે આ હિન્દુત્વવાળી સરકાર દ્વારા આ અબોલ પશુઓ અને ગૌશાળાઓ માટે ખાસ ઘસચારાની વ્યવસ્થા કરવામાં આવે તેવી માંગણી કરવામાં આવી હતી.

ત્યારે દુષ્કાળના ઓછાયા તળે જો પંદર દિવસમાં વરસાદ ના થાય તો અતિ વિકટ પરિસ્થિતિ સામે આવતી જોવા મળશે અને હાલ ખેડૂતો અને પશુપાલકો માટે સૌની યોજનાથી ડેમો ભરવામાં આવે તેવી માંગણી પણ કરવામાં આવી રહી છે. જેથી ઉભો પાક બચી શકે અને ઘાસચારામાં રાહત પણ મળી શકે. ત્યારે હિન્દુત્વના નામે મત માંગીને બનેલી આ સરકાર હવે ગાયમાતા માટે આગળ શું નિર્ણયો લે છે તે તો આવનારો સમય જ બતાવશે. પરંતુ હાલ ગૌશાળામાં ઘાસચારાની તંગી વચ્ચે ઘાસચારાના ભાવ આસમાને આંબતા હોય તેવી સ્થિતિ જોવા મળી રહી છે અને ગૌશાળામાં ઘાસચારાની જગ્યાએ શાકભાજી સસ્તા પડતા તેને ખવડાવવાની નોબત આવતી જોવા મળી રહી છે. ત્યારે આ બાબતે કપરી પરિસ્થિતિ આવે તે પહેલા ભાવી આયોજન કરવુ અતિ જરૂરી બને છે.

## પાના ૮ ઉપરનું ચાલું લીંબુનાં ભાવમાં ભડકો થતાં ચિંતા છવાઈ

કિલોનો હતો. જે આજે વધીને રૂ. ૮૦થી ૧૬૦ સુધી પહોંચ્યો છે. આ સમયગાળા દરમિયાન લીંબુની આવક ૬,૭૧૦ ક્વિંટલ થઈ છે. વર્ષ ૨૦૨૫માં આ સમયમાં અમદાવાદ યાર્ડની આવક ૧૦,૬૦૮ ક્વિંટલ હતી. એટલે કે આવકમાં ૩,૮૯૮ ક્વિંટલનો મોટો ઘટાડો છે. જેના કારણે રોકેટ ગતિએ ભાવ વધ્યા છે.બાકી સામાન્ય રીતે ચોમાસામાં લીંબુનો છુટક બજારનો ભાવ રૂ. ૧૦૦ થી ૧૨૦ રૂપિયાની આસપાસ જ હોય છે. કારણ કે સપ્ટેમ્બર ૨૦૨૫ માં જ લીંબુનો જથ્થાબંધ ભાવ ૧૦ થી ૪૫ સુધીનો જ રહ્યો હતો. વેપારીઓના જણાવ્યાનુસાર અમદાવાદમાં આંધ્રપ્રદેશ, સહિતના દક્ષિણ ભારત તેમજ મહેસાણા, ભાવનગર, પાલિતાણા વગેરે વિસ્તારમાંથી લીંબુ આવે છે. તેના બદલે અત્યારે માત્ર રાજસ્થાનમાંથી લીંધુ આવી રહ્યા છે. આ સિવાય બધા સ્થળોએથી આવક બંધ છે.બજાર તજજ્ઞો અને કૃષિ નિષ્ણાંતોના જણાવ્યા અનુસાર અમદાવાદમાં જયાંથી લીંબુ આવ છે તેવા વિસ્તારોમાં ત્યાંની જરૂરિયાત અનુસાર જ પાક થયો છે. જે ઉત્પાદન થાય છે, તે સ્થાનિક કક્ષાએ જ ખપી જાય છે. સતત ગરમી પડવાના કારણે લીંબુ પીળા પડીને ઝાડ પરથી ખરી ગયા છે. પરિણામે એક આવક ઘટી છે. જયારે વરસાદ ખેંચાતા ઉનાળા જેવા વાતાવરણના કારણે લીંબુનો વપરાશ અને માંગ વધી છે. આ બંને પરિબળો લીંબુના ભાવ ઝડપથી વધવા માટે જવાબદાર છે.લીંબુના વધેલા ભાવ નવરાત્રિ પહેલા ઘટવાની કોઈ શકયતા નથી. કારણ કે ગુજરાતનો નવો પાક સામાન્ય રીતે ફેબ્રુઆરી, માર્ચ મહિનામાં બજારમાં આવે છે. જયારે દક્ષિણ ભારતમાંથી દશેરાની આજુબાજુ લીંબુની આવક શરૂ થતી હોય છે. આ નવી આવક શરૂ થયા બાદ જ લીંબુના ભાવ કાબુમાં આવશે. એટલે કે નવરાત્રિ સુધી ભાવ ઘટાડાની કોઈ શકયતા દેખાઈ રહી નથી.


## ખેતીની જમીન વેચાણની જાહેર નોટિસ

આથી લાગતા –વળગતા તમાને આ જાહેર નોટિસ આપી જાહેર કરીએ છીએ કે, અમો **શ્રી ભરતભાઈ ગોરાભાઈ કોચરા** જે આ નોટિસથી જાહેર કરીએ છીએ કે, અમરેલી જિલ્લાના બાબરા તાલુકાના મોજે કરણુંકી ગામની પિયત ખેતીની જમીન નીચેની વિગતે આવેલ છે. તે નીચેની વિગતે તે તેના માલિક પાસેથી ખરીદ કરેલ છે. આ ખેતીની જમીનની વિગત આ મુજબ છે.

| ક્રમ | ખાતેદારનું નામ | ખાતા નં. | સ.નં. | હે.આ.ચો.મી. |
|---|---|---|---|---|
| ૧ | સોહેલીયા હાદાભાઈ ઉર્ફે હર્ષદભાઈ આલાભાઈ રહે. ગરણી, તા.બાબરા | ૩૦૪ | ૩૧૭ (જુના સ.નં.૯૦અ/૧ પૈકી૧૬) | ૧–૨૧–૪૧ |
| | કુલ ખેતીની જમીન | | (૧) | ૧–૨૧–૪૧ |


ઉપરોકત વિગતેવાળી વેંચાણ આપનારના નામે ગામ નમૂના નં.૬, ના નોંધ નં......, થી રજી. વેચાણ દ.નં.૧૧૯૫/૨૦૦૭, તા.૧૨/૧૦/૨૦૦૭ થી આવેલ છે. તેઓના કબ્જા ભોગવટાની ખેતીની જમીન. જેમાં આવેલ. બોર તેમા ઉતારેલ ઈલે.મોટર, કેબલ તથા તેમા આવેલ પદ પૈયા પઠા, જાડ પાન તથા ગાડા મારગના તમામ હક્કો સાથે અમો ઉપરોકત લખ્યા માલિકે અઘાટથી અમો ખરીદનાર શ્રી ભરતભાઈ ગોરાભાઈ કોચરા રહે. બળધોઈ, તા.જસદણ, જિ. રાજકોટવાળાને રજીસ્ટ્રર વેચાણ બનાખત દ.નં.૧૪૬૪/૨૦૨૬, તા.૦૭/૦૯/૨૦૨૬ થી કબ્જા વગરનું વેચાણ બનાખતથી વેચાણ કરેલ છે.

જેથી ઉપરોકત વેચાણ પરત્વે કોઈનો કોઈપણ પ્રકારનો લાગ–ભાગ, હક્ક–હિત, હિસ્સો બક્ષીસ, અગ્રહક્ક, વારસાઈ હક્ક કે દેના બેન્ક કોટડાપીઠા સિવાય કોઈનું કોઈપણ પ્રકારનું લેણું, ગીરો, બોજો કે કોઈપણ બેન્ક કે સહકારી સંસ્થા કે મંડળી કે, પ્રાઈવેટ ફાયનાન્સનું લેણું હોય કે કોઈપણ કરજ હોય કે ઉત્તરોત્તર ટાયટલ સંબંધે ઉપરોકત વેચાણ અંગે કોઈના કોઈપણ પ્રકારના વાંધા તકરાર દર–દાવા, કે કોઈપણ હક્ક–હિસ્સા હોય તો આ નોટિસ પ્રસિધ્ધ થયાના દિવસ–૨૦, માં અમોને નીચેના સરનામે લેખીત આધાર પુરાવા સાથે જાણ કરવી જો સમય મર્યાદામાં કોઈના વાંધા તકરાર આવશે નહી તો આ ઉપરોકત વેચાણ થતી મિલ્કતમાં કોઈનો કોઈપણ પ્રકારનો વાંધો તકરાર કે દર–દાવો નથી અને હોય તો જતો–વેવ કરેલ છે. તેમ સમજી અમો પાકો રજીસ્ટ્રર દસ્તાવેજ અમો ખરીદનાર કરાવી લેશું. ત્યારબાદ જો કોઈના વાંધા તકરાર આવશે તો અમો દસ્તાવેજથી ખરીદનારને બંધનકર્તા રહેશે નહી. જેની તમામે નોંધ લેવી.

મુ.બળધોઈ, તા.જસદણ
તારીખ : ૦૯/૦૯/૨૦૨૬
**સંપર્ક માટે સરનામું :**
ભરતભાઈ ગોરાભાઈ કોચરા
રહે. બળધોઈ, તા.જસદણ,
જિ.રાજકોટ,મો.૯૯૯૮૫ ૧૨૨૫૬

નોટીસ આપનાર
(ભરતભાઈ ગોરાભાઈ કોચરા)


# બગસરા : આશિષ શરાફી સહકારી મંડળીની વાર્ષિક સાધારણ સભા તથા નૂતન બિલ્ડીગનો પ્રારંભ કરાયો






તસ્વીર : સમીર વિરાણી–બગસરા

બગસરા ખાતે આવેલી આશિષ શરાફી સહકારી મંડળીની વાર્ષિક સાધારણ સભા સતવારા સમાજની વાડી ખાતે યોજાઈ હતી સાથો સાથ મંડળીની નૂતન બિલ્ડીગનું ઉદઘાટન પરમ પૂજય ઋષિ ભારતીબાપુ તથા મનીષ સંઘાણી હસ્તે કરવામાં આવ્યું હતું. આ સાધારણ સભામાં સહકારી અગ્રણીઓ તથા વિવિધ સંસ્થાનાં આગેવાનો, રાજકીય આગેવાનો તેમજ સભાસદો કર્મચારીગણ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા. આ મંડળીએ માત્ર સાત વર્ષનાં ગાળામાં રૂા. ૩૪ લાખનો નફો પ્રાપ્ત કર્યો છે. ૧૦% ડિવિડન્ડ અને ૧૨ ફિકસ ડિપોઝિટ પર વ્યાજ આપતી આ મંડળીએ નોંધપાત્ર સિદ્ધિ હાંસલ કરેલ છે. નિલેશભાઈ દેસાણી દ્વારા મંડળીનાં અહેવાલની વિગતો સંભળાવવામાં આવી હતી. ચેરમેન અનિલ કુમાર શેખ દ્વારા મંડળીની કાર્યસૂચિ રજૂ કરવામાં આવી હતી તેમજ મંડળી પર વિશ્વાસ મૂકવા બદલ સભાસદોની સાથે કર્મચારીઓનો આભાર વ્યક્ત કર્યો હતો.

### વર્ષોથી પડતર માંગણીઓના ન્યાયી ઉકેલ માટે

# બાબરામાં ગ્રામસેવકોનો સરકાર સામે કાળી પટ્ટી ધારણ કરી વિરોધ

## આગામી કાર્યક્રમોમાં જિલ્લાના ગ્રામસેવકો એકજૂથ બની જોડાશે

બાબરા, તા. ૯

ગુજરાત રાજય ગ્રામસેવક મહામંડળ દ્વારા ગ્રામસેવકોના વર્ષોથી પડતર રહેલા વિવિધ પ્રશ્નો અને માંગણીઓના ન્યાયી ઉકેલ માટે તા. ૯ સપ્ટેમ્બરથી તા. ૨ ઓકટોબર, ૨૦૨૬ સુધી આંદોલનાત્મક કાર્યક્રમ જાહેર કરવામાં આવ્યો છે.

જેના ભાગરૂપે આજે અમરેલી જિલ્લાના તમામ ગ્રામસેવકોએ ફરજ દરમિયાન કાળી પટ્ટી ધારણ કરી સરકાર સમક્ષ પ્રતિકાત્મક વિરોધ નોંધાવ્યો હતો. ગ્રામસેવકો દ્વારા કાળી પટ્ટી ધારણ કરીને કરવામાં આવેલો આ વિરોધ માત્ર પ્રતિકાત્મક કાર્યક્રમન હતો, પરંતુ વર્ષોથી પડતર રહેલી માંગણીઓ તરફ સરકારનું ધ્યાન દોરવાનો સંયમિત અને લોકશાહી ઢ બનો મજબૂત સંદેશ હતો. અમરેલી જિલ્લામાં ગ્રામસેવકોએ મોટી એકતા દર્શાવી આ કાર્યક્રમમાં સહભાગી બની સંગઠનની લડતને સમર્થન આપ્યું હતું. અમરેલી જિલ્લા ગ્રામસેવક મંડળે જણાવ્યું હતું કે ગુજરાત રાજય ગ્રામસેવક મહામંડળ દ્વારા આગામી દિવસોમાં જે પણ કાર્યક્રમ અથવા આદેશ આપવામાં આવશે તેમાં અમરેલી જિલ્લાના દરેક ગ્રામસેવક સંપૂર્ણ એકતા, શિસ્ત અને સંગઠન ભાવના સાથે સહભાગી થશે. ન્યાયની આ લડતમાં કોઈપણ ગ્રામસેવક



તસ્વીર : પંકજ ઈન્દ્રોડીયા–બાબરા

પાછળ નહીં રહે અને સંગઠનના દરેક નિર્ણયને મજબૂતીથી સાથ આપવામાં આવશે. ગ્રામસેવકોની આ લડતને હવે ગુજરાત બહારના વિવિધ રાજયોમાંથી પણ સમર્થન મળી રહ્યું છે. મહારાષ્ટ્ર, રાજસ્થાન, ઝારખંડ અને ઉત્તરાખંડ સહિતના વિવિધ રાજયોના ગ્રામસેવક સંગઠનો દ્વારા ગુજરાત રાજય ગ્રામસેવક મહામંડળની ન્યાયની લડતને સમર્થન જાહેર કરવામાં આવ્યું છે તેમજ જરૂર પડે ત્યારે આંદોલનમાં જોડાવાની ખાતરી પણ આપવામાં આવી છે. આ ઉપરાંત ગુજરાત રાજયના વિવિધ કર્મચારી મંડળો દ્વારા પણ પત્રો મારફતે ગ્રામસેવકોની માંગણીઓને સમર્થન આપવામાં આવ્યું છે. દેશના વિવિધ રાજયોના સંગઠનો તેમજ ગુજરાતના કર્મચારી સંગઠનોનું સમર્થન મળતાં આગામી દિવસોમાં ગ્રામસેવકોની આ લડત વધુ વ્યાપક અને મજબૂત બનવાની શકયતા છે.

અમરેલી જિલ્લા ગ્રામસેવક મંડળે સ્પષ્ટ જણાવ્યું હતું કે, "અમારી લડાઈ કોઈ વ્યકિત કે સરકાર વિરૂદ્ધ નથી, પરંતુ ન્યાય અને હક માટેની છે. સરકાર ગ્રામસેવકોની પડતર માંગણીઓ અંગે હકારાત્મક અભિગમ અપનાવી વહેલી તકે યોગ્ય નિર્ણય કરશે તેવી અમને સંપૂર્ણ આશા છે. પરંતુ જો ન્યાય નહીં મળે તો ગુજરાત રાજય ગ્રામસેવક મહામંડળના આદેશ અનુસાર અમરેલી જિલ્લાના ગ્રામસેવકો એકજૂથ થઈ આગામી દરેક કાર્યક્રમમાં મજબૂતીથી જોડાશે."

આમ, અમરેલી જિલ્લામાં કાળી પટ્ટી ધારણ કરી ગ્રામસેવકોએ પોતાની પડતર માંગણીઓ અંગે સરકારનું ધ્યાન દોર્યું છે અને આગામી દિવસોમાં આંદોલનના કાર્યક્રમોને સંપૂર્ણ સહકાર આપવાની સાથે સંગઠનની એકતા અને તાકાતનો પરિચય કરાવ્યો છે.

# સાવરકુંડલાની કબીર ટેકરી ખાતે 'અલપઝલપ'માં છલકાતી સેવા અને સમર્પણની સરવાણી



સાવરકુંડલા, તા. ૯

સાવરકુંડલાના પવિત્ર ધામ એવા કબીર ટેકરી આશ્રમ ખાતે પરમ પૂજય સદગુરૂ તપસ્વી રામપ્રતાપની ૪૫મી પુણ્યતિથિ નિમિત્તે સાહિત્ય, વિજ્ઞાન અને ધર્મના અનોખા ત્રિવેણી સંગમ સમાન એક ગરિમાપૂર્ણ સમારંભનું આયોજન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે ગુજરાતના નામાંકિત લેખકો દ્વારા આશ્રમની માનવતાવાદી અને સેવાકીય પ્રવૃત્તિઓને વાચા આપતું વિશેષ પુસ્તક 'કબીર ટેકરી માનવતાની મહેકનું વિમોચન કરવામાં આવ્યું હતું.

કાર્યક્રમમાં સાવરકુંડલાના વરિષ્ઠ પત્રકાર બિપીનભાઈ પાંધીએ આશ્રમની સેવાકીય યાત્રા અને તેની આસપાસની 'અલપઝલપ' વાતો રજૂ કરતાં 'એક પત્રકારની અભિવ્યક્તિ' વિષય પર સંવેદનશીલ અને ભાવસભર વક્તવ્ય આપ્યું હતું. તેમણે જણાવ્યું હતું કે, 'કબીર ટેકરી માત્ર એક ધાર્મિક આશ્રમ નથી, પરંતુ દીન–દુ:ખિયાં અને જરૂરિયાતમંદો માટે માનવતાનું જીવંત કેન્દ્ર છે. પત્રકારત્વની નજરે જયારે પણ આ સ્થાનની સેવા પ્રવૃત્તિઓને જોઈએ છીએ, ત્યારે અહીં શબ્દો કરતાં કાર્યની સુવાસ વધુ અનુભવાય છે.આ પ્રસંગે ઉપસ્થિત સાહિત્યકારો, વૈજ્ઞાનિક દ્રષ્ટિકોણ ધરાવતા મહાનુભાવો અને ધર્મપ્રેમી જનમેદનીએ પૂજય સદગુરૂ રામપ્રતાપના મૂલ્યો અને આશ્રમની માનવસેવાની પ્રવૃત્તિઓને હૃદયપૂર્વક બિરદાવી હતી. સાંપ્રત સમયમાં આ કબીર ટેકરી આશ્રમના મહંત નારાયણદાસની સેવાકીય પ્રવૃત્તિઓનો વ્યાપ પણ આ પૂણ્યભૂમિનો પ્રસાદ છે સમગ્ર વાતાવરણ ભક્તિ, સાહિત્યિક ચેતના અને માનવતાના ભાવથી ગૂંજી ઊઠયું હતું.

### કૈલાસ મુક્તિધામે ભક્તિમય બન્યુ વાતાવરણ

# બાબરાનાં ખાખરીયાનાં સમસ્ત ગ્રામજનો દ્વારા સત્યનારાયણની કથા યોજાઇ

## સૌ કોઈએ આધ્યાત્મિક શાંતિનો અનુભવ કર્યો



તસ્વીર : પંકજ ઈન્દ્રોડીયા–બાબરા

બાબરા, તા. ૯

બાબરા તાલુકાનાં ખાખરીયા ગામે આવેલ કૈલાસ મુક્તિધામ (સ્મશાન) ખાતે સમસ્ત ગ્રામજનોનાં સહયોગથી સત્યનારાયણ ભગવાનની કથાનું ભક્તિ અને શ્રદ્ધાભેર આયોજન કરવામાં આવ્યું હતું. ધાર્મિક માહોલ વચ્ચે યોજાયેલા આ પવિત્ર પ્રસંગમાં ગામના વડીલો, યુવાનો, મહિલાઓ સહિત મોટી સંખ્યામાં ગ્રામજનોએ ઉપસ્થિત રહી કથાનું શ્રવણ કરી ધન્યતા અનુભવી હતી.

આ પ્રસંગે ગામની મહિલાઓ દ્વારા સુંદર સત્સંગનું પણ આયોજન કરવામાં આવ્યું હતું. સત્સંગ દરમિયાન ભજન–કીર્તન તથા ભગવાનનાં સ્મરણથી કૈલાસ મુક્તિધામનું સમગ્ર વાતાવરણ ભક્તિમય બની ગયું હતું. ભક્તિભાવ અને શ્રદ્ધાથી જોડાયેલા ગ્રામજનોએ ધાર્મિક વાતાવરણનો લાભ લઈ આધ્યાત્મિક શાંતિનો અનુભવ કર્યો હતો.

ગામમાં યોજાતા આવા ધાર્મિક તેમજ સામાજિક કાર્યક્રમો ગ્રામજનો વચ્ચે એકતા, ભાઈચારો અને આપણી સંસ્કૃતિ તથા પરંપરાની ભાવનાને વધુ મજબૂત બનાવવામાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવે છે. સમસ્ત ગ્રામજનોની સહભાગિતા અને સહયોગથી સમગ્ર કાર્યક્રમ સુંદર અને શ્રદ્ધાભેર સંપન્ન થયો હતો.

સત્યનારાયણ ભગવાનનાં આશીર્વાદથી ખાખરીયા ગામમાં હંમેશાં સુખ, શાંતિ, સમૃદ્ધિ અને સૌહાર્દ જળવાઈ રહે તથા ગ્રામજનોના જીવનમાં આનંદ અને ખુશીઓ સતત વરસતી રહે તેવી સૌએ હૃદયપૂર્વક પ્રાર્થના કરી હતી.

### ભાજપ–કોંગ્રેસ અને બળવાખોરો વચ્ચે જંગ

# ખાંભાનાં માર્કેટયાર્ડની ચૂંટણીમાં ૫૬૭માંથી ૫૨૭ મતદારોએ ઉત્સાહભેર મતદાન કર્યુ

## ૧૪ બેઠકો માટે ૩૧ ઉમેદવારો વચ્ચે ચૂંટણી યોજાઈ

અમરેલી, તા. ૯

અમરેલી જિલ્લાનાં ખાંભા ખાતે આવેલી ખેતી ઉત્પન્ન બજાર સમિતિ (એપીએમસી)ની ચૂંટણીને લઈને રાજકીય ગરમાવો જોવા મળી રહ્યો છે. એપીએમસીની ચૂંટણીમાં ભાજપ, કોંગ્રેસ અને બળવાખોર ઉમેદવારો વચ્ચે ત્રિપાંખિયો જંગ જામ્યો છે. ખાસ કરીને ખેડૂત પેનલની બેઠકો પર ઉમેદવારો વચ્ચે ભારે રસાકસી જોવા મળી રહી છે.

ખાંભા એપીએમસીની ચૂંટણીનું મતદાન આજે સવારથી શાંતિપૂર્ણ માહોલમાં શરૂ થયું હતું. સવારે ૯ વાગ્યાથી મતદાન શરૂ થતાં જ મતદારોમાં ઉત્સાહ જોવા મળ્યો હતો અને પોતાના મતાધિકારનો ઉપયોગ કરવા માટે મતદાન મથકે મતદારોની લાઈનો જોવા મળી હતી.



ખાંભા એપીએમસીમાં વેપારી પેનલની કુલ ચાર બેઠકો અને ખેડૂત પેનલની કુલ ૧૪ બેઠકો માટે ચૂંટણી યોજાઈ રહી છે. વેપારી પેનલની ચારેય બેઠકો ભાજપ પ્રેરિત પેનલને અગાઉ જ બિનહરીફ મળી ગઈ હોવાથી હવે મુખ્ય રસ ખેડૂત પેનલની ૧૦ બેઠકોની ચૂંટણીમાં જોવા મળી રહ્યો છે.ખેડૂત પેનલની ૧૦ બેઠકો માટે કુલ ૩૧ ઉમેદવારો ચૂંટણી મેદાનમાં છે. ભાજપ પ્રેરિત ઉમેદવારોની સામે કોંગ્રેસ તેમજ બળવાખોર ઉમેદવારોએ પણ મેદાનમાં ઉતરતા ચૂંટણી ત્રિપાંખિયા જંગમાં ફેરવાઈ છે. જેના કારણે પરિણામને લઈને અત્યારથી જ વિવિધ રાજકીય ગણતરીઓ શરૂ થઈ ગઈ છે.

આ ચૂંટણીમાં કુલ ૫૬૭ મતદારો પૈકી સાંજ સુધીમાં ૫૨૭ જેટલાં મતદારોએ પોતાના મતાધિકારનો ઉપયોગ કરી ૯૨.૯૪ % જેટલું ભારે મતદાન કર્યું હતું. મતદાન પ્રક્રિયા દરમિયાન કોઈ અનિચ્છનીય બનાવ ન બને તે માટે તંત્ર દ્વારા જરૂરી વ્યવસ્થા ગોઠવવામાં આવી છે. સવારથી મતદાન શાંતિપૂર્ણ માહોલમાં ચાલી રહ્યું હતું અને મતદારોમાં પણ મતદાનને લઈને ઉત્સાહ જોવા મળ્યો હતો.

ખાંભા એપીએમસીની આ ચૂંટણીમાં ખેડૂત પેનલની ૧૦ બેઠકો માટે મેદાનમાં રહેલા ૩૧ ઉમેદવારો પૈકી કોને મતદારોનો વિશ્વાસ મળે છે અને કોની પેનલને સફળતા મળે છે તેના પર સૌની નજર મંડાઈ છે. ભાજપ–કોંગ્રેસ વચ્ચેની સીધી ટક્કરમાં બળવાખોર ઉમેદવારોની ભૂમિકા પણ મહત્વની બની શકે છે.

મતદાન પૂર્ણ થયા બાદ આવતીકાલે મતગણતરી હાથ ધરવામાં આવશે. મતગણતરી બાદ ખાંભા એપીએમસીમાં કોનું વર્ચસ્વ સ્થાપિત થાય છે અને ખેડૂત પેનલની ૧૦ બેઠકોમાંથી કઈ પેનલ કેટલા ઉમેદવારોને જીતાડવામાં સફળ રહે છે તેનો ચિત્ર સ્પષ્ટ થશે.

# ૧૦ સપ્ટેમ્બર, આત્મહત્યા નિવારણ દિવસ

આજે દિવસે દિવસે વધતા જતા તણાવને કારણે દુનિયાભરમાં આત્મહત્યાના કિસ્સા વધતા જઈ રહ્યા છે. ત્યારે તેને રોકવા ખૂબ જ જરૂરી છે. આ માટે લોકોને જાગૃત કરવા માટેના ઉદ્દેશ્યથી દર વર્ષે ૧૦ સપ્ટેમ્બરે 'વિશ્વ આત્મહત્યા નિવારણ દિવસ' ઉજવવામાં આવે છે. આત્મહત્યા પાછળ હંમેશા મનોચિકિત્સક, સામાજીક, આર્થિક, પરિવારિક અને વ્યક્તિગત કારણ હોય છે. આત્મહત્યાને સામાન્ય (ordinary) રહેશે જ નહીં. દુનિયાની કોઈપણ કિતાબમાં જવાબો શોધી લો. પણ જીંદગી તો રોજ તમને સિલેબસ બહારનાં જ સવાલો પૂછવાની ! તો ચાલો પોતાની જાતને નિષ્ફળ કે નબળા સમજવાને બદલે, જીંદગીએ પૂછેલાસવાલોનો ખુલ્લા મને અને ખુલ્લા દિલે હિંમતભેર જવાબ આપીએ. જો મનમાં વારંવાર આત્મહત્યાના વિચાર આવે ત્યારે આવી રીતે પોતાની જાતને મદદ કરવી




રોકવા કે આત્મહત્યાનાં વિચારને રોકવા માટે જીવન પ્રત્યે સંતુલિત દ્રષ્ટિકોણ રાખવો ખુબ જરૂરી છે. સારા કે ખરાબ બંને જીવન જીવવા માટેના પાસા છે. જીવનમાં સુખ અને દુ:ખ બંને આવે છે, બંને એક સિક્કાની બે બાજુઓ જેવા જ છે. પોતાની ભૂલોમાંથી કાયમ શીખવું જોઈએ. કયારેક એવું થાય છે કે કાંઇ ગમતું નથી. કયારેક જીંદગી અટકી ગઈ હોય એવું લાગે છે. મન ખૂબ ઉદાસ થઈ જાય છે, પણ આ બધું શું નોર્મલ નથી ? આપણે માણસ છીએ તો ખુશીની લાગણીની જેમ ઉદાસીની લાગણી પણ થાય જ. આપણે ખુશીઓ સ્વીકારવા કેટલા ઉત્સુક હોઈએ છીએ, તો એવી જ રીતે કયારેક ઉદાસીને પણ ગળે વળગાડી દઈએ. બસ એને પકડી ના રાખીએ. એને પણ એક આલિંગન આપીને જવા દઈએ. ઉદાસ હોવું કે દુ:ખી હોવું એ પણ આપણા માણસ હોવાની સાબિતી જ તો છે. બસ ઉદાસીને ડીપ્રેશનમાં પરિવર્તિત ન થવા દેવું જોઈએ. અત્યારની આ ગળાકાપ હરિફાઈની દુનિયામાં નિષ્ફળતા પણ મળવાની જ છે. જો કોઈ એક પરીક્ષા માટે ૧૦૦ માણસ પ્રયત્નો કરતા હોય તો તેમાં તે બધા જ થોડા પાસ થવાના છે ? કોઈક તો નાપાસ થશે જ. પણ તે નિષ્ફળતા કાયમી થોડી છે ? અને દરેક જણ પરફેકટ અને પૂર્ણ જ થોડું હોય ? જો એવું હોય, તો પછી કોઈ જોઈએ.

**૧. કોઈ સાથે વાત કરો :** કોઈ સાથે પોતાની લાગણીઓને શેર કરવી એક મહત્વપૂર્ણ કાર્ય છે. કારણ કે, મનુષ્ય એક સામાજિક પ્રાણી છે. માટે તેને પ્રેમ, સ્નેહ, હૂંફ અને સાથ – સહકારની જરૂર હોય છે. જો તમે દુ:ખી હોય અને આત્મહત્યાના વિચાર આવે ત્યારે પોતાની જાતને પોતાની રીતે નિયંત્રણમાં રાખવાની જીદ છોડી અન્યની મદદ લેવી. જેમ કે પોતાના મિત્ર, પરિવારજન, નજીકના સગાઓની અને જરૂર પડયે મનોચિકિત્સકની મદદ લેવી પણ ઉચિત છે.

**૨. એકલા બિલકુલ ન રહો :** આજના સમયમાં મોટાભાગના યુવાનો શહેરમાં પરિવારથી દૂર એકલા રહેવાનું પસંદ કરે છે ત્યારે આત્મઘાતી વિચારો આવે તો થોડા સમય માટે કોઈને સાથે રહેવા બોલાવી લેવા જોઈએ.

**૩. થેરાપી અને ઉપચાર લો :** જો તમને મહેસુસ થાય કે, મનમાં એવા વિચાર આવે છે તો થેરાપીસ્ટને કન્સલ્ટ કરવા જોઈએ.

૪. યોગ,સૂર્યપ્રકાશ,શાકાહાર,સંતુલિત જીવન શૈલી અપનાવો.ખોટી હાય વોય છોડી દો.રાગ, દ્વેષ, ઈર્ષા, મોહ, મત્સર, કામ, ક્રોધ, વ્યસન જેવાં દુષણોથી દુર રહો.– **મિત્તલ ખેતાણી (મો. ૯૮૨૪૨ ૨૧૯૯૯)**

### જિલ્લા પ્રમુખ વિજય દેસાઈની ઉપસ્થિતિમાં

# અમરેલીમાં વિશ્વ હિન્દુ પરિષદની સ્થાપનાને ૬૨ વર્ષ પુર્ણ થતાં ઉજવણી

## વિશ્વ હિન્દુ પરિષદની સ્થાપના, ઉદ્દેશ અને કામગીરી અંગે સમજ અપાઈ

અમરેલી, તા. ૯

વિશ્વ હિન્દુ પરિષદ અમરેલી જિલ્લા અધ્યક્ષ વિજયભાઈ દેસાઈ અને સહમંત્રી રશ્મિનભાઈ ત્રિવેદીની ખાસ ઉપસ્થિતિ, વિશ્વ હિન્દુ પરિષદ અમરેલી નગરમંત્રી પંકજભાઈ કાનાણીના માર્ગદર્શન હેઠળ અમરેલી નગર ઉપાધ્યક્ષ રવિભાઈ પંડયા, બજરંગ દળ સંયોજક મહાવીરભાઈ વિંછીયા અને નગર ટીમ દ્વારા સ્થાપના દિવસની ઉજવણીનો કાર્યક્રમ નાગદેવતા મંદિરે રાખવા આવ્યો, કાર્યક્રમની શરૂઆત દીપ પ્રાગટ્ય થી સંતો વાલ્મિકી સમાજના ગુરૂ જીતુબાપુ અને નાગદેવતાના મહંત હાર્દિકબાપૂ દ્વારા કરવામાં આવ્યું,જેમાં સૌરાષ્ટ્ર પ્રાંત વિધિ પ્રકોસ્ટ હંસાબેન મકાણી, સૌરાષ્ટ્ર પ્રાંત સત્સંગ સયોજીકા રમીલાબેન પટોળીયા, જિલ્લા કોષાધ્યક્ષ ડો પંકજભાઈ ત્રિવેદી દ્વારા વિશ્વ હિન્દુ પરિષદની સ્થાપના. ઉદ્દેશ. અને કામગીરી વિશે વિસ્તૃત માહિતીથી કાર્યકર્તા ને અવગત કરાયા વિશેષ સંપર્ક પ્રમુખ ઈતેશભાઈ મહેતા, જિલ્લા બજરંગ દળ સંયોજક જીગુશુભાઈ મહેતા, કરણભાઈ વાજા, ભાર્ગવભાઈ



માવાણી, આર્યનભાઈ ભુવા, રઘુવીરભાઈ ભુવા, કૃણાલભાઈ ભુવા, દર્શનભાઈ હુમ્મર, દુર્ગા વાહિની સયોજિકા ગોપીબેન ચાવડા નગરના લાલજીભાઈ ચાવડા, નીરજભાઈ ખૂબચંદાણી, આશિષભાઈ જોષી, સાગરભાઈ વણઝારા, વિશ્વાસભાઈ રાઠોડ, અજયભાઈ રાઠોડ, મહાદેવભાઈ પંડયા, નગર બજરંગ દળ અમનભાઈ રાઠોડ, સુજલભાઈ સોલંકી, કુલજીતભાઈ વાળા, કિશનભાઈ ધંધુકિયા, મયુરભાઈ જેઠવા,માતૃ શક્તિ જયશ્રીબેન ધાનાણી, મંજુબેન મકવાણા, દુર્ગા વાહિની હીરવાબેન મકવાણા, વિશાખાબેન મકવાણા, પૂર્વાબેન કાપડી સાથે સનાતની હિન્દુ ભાઈઓ તથા બહેનો હાજર રહ્યા હતા.

### સવારનાં ૮:૩૦થી ૧૦:૩૦ વચ્ચે તસ્કર ઘુસ્યો

# લ્યો બોલો : રાજુલાનાં માંડળ ગામે ધોળે દિ'એ ખેડૂતનાં મકાનમાંથી ૪.૩૦ લાખનાં દાગીનાની ચોરી

## સ્થાનિક પોલીસે તસ્કરની શોધખોળ આદરી

અમરેલી, તા. ૯

રાજુલા તાલુકાના માંડળ ગામે રહેતા એક ૫૦ વર્ષીય ખેડુતના ઘરે ગત તા. ૮ના સવારના ૮:૩૦ થી ૧૦:૩૦ વાગ્યા દરમ્યાન ધોળે દિવસે કોઈપણ સમયે ખેડૂતના ઘરમાં ગુપ્ત રીતે ગૃહપ્રવેશ કરી દરવાજાના તાળા તોડી રૂમની અંદર પ્રવેશ કરી ઘરના રૂમમાં રાખેલ અનાજ ભરવાની લોખંડની પેટીમાં સોનાના દાગીના કુલ કિંમત રૂપિયા ૪,૩૦,૦૦૦ આશરેના કોઈ અજાણ્યો ચોર ઈસમ ચોરી કરી લઈ ગયાની પોલીસમાં ફરિયાદ નોંધાતા પોલીસે ચોરીનો ભેદ ઉકેલવા પ્રયાસ હાથ ધર્યા છે.

રાજુલા તાલુકાના માંડળ ગામે રહેતા સડથાભાઈ નનાભાઈ નકુમ નામના ૫૦ વર્ષીય ખેડુતના ઘરે ગત તા. ૮ના સવારના ૮:૩૦ થી ૧૦:૩૦ વાગ્યા દરમ્યાન કોઈપણ સમયે ખેડૂતના ઘરમાં ગુપ્ત રીતે ગૃહપ્રવેશ કરી બન્ને રૂમના દરવાજાના તાળા તોડી રૂમની અંદર પ્રવેશ કરી ઘરના રૂમમાં રાખેલ અનાજ ભરવાની લોખંડની પેટીમાં સોનાના દાગીના જેમા સોનાની વીંટી નંગ–૮ જે તમામ વીંટી આશરે ત્રણ ત્રણ ગ્રામની જેની કુલ કિંમત રૂપિયા ૨,૦૦,૦૦૦ આશરે તથા એક જોડ સોનાની બુટી જે આશરે એક તોલાની જેની કિંમત રૂપિયા ૫૫,૦૦૦ આશરે અને એક સોનાનો ચેઈન તથા પેંડલ જે બન્ને થઈને આશરે તેર ગ્રામ જેની કિંમત રૂપિયા ૧,૭૫,૦૦૦ એમ મળી કુલ કિંમત રૂપિયા ૪,૩૦,૦૦૦ આશરેના સોનાના ઘરેણા રાખેલ હોય. જે કોઈ અજાણ્યો ચોર ઈસમ ચોરી કરી લઈ ગયાની પોલીસમાં ફરિયાદ નોંધાતા પોલીસે ચોરીનો ભેદ ઉકેલવા પ્રયાસ હાથ ધર્યા છે.

# અમરેલીમાં તા. ૧૧ સપ્ટેમ્બરે રોજગાર ભરતી મેળો યોજાશે

અમરેલી, તા. ૯

જિલ્લાના રોજગાર ઈચ્છુક ઉમેદવારોને રોજગારીની તકો ઉપલબ્ધ કરાવવાના હેતુથી જિલ્લા રોજગાર વિનિમય કચેરી, અમરેલી દ્વારા રોજગાર ભરતી મેળ ાનું આયોજન કરવામાં આવ્યું છે. જિલ્લા રોજગાર વિનિમય કચેરી તથા કૌશલ્ય વિકાસ અને રોજગાર વિભાગ, ગુજરાત સરકારના સંયુક્ત ઉપક્રમે તા. ૧૧ સપ્ટેમ્બર, ૨૦૨૬ના રોજ સવારે ૧૧:૦૦ કલાકે રોજગાર કચેરી, બહુમાળી ભવન, અમરેલી ખાતે ભરતી મેળો યોજાશે.આ ભરતી મેળામાં સી.આઈ.ઈ ઓટોમોટીવ પ્રા. લિ કંપની દ્વારા ટ્રેની તથા મશીન ઓપરેટરની જગ્યાઓ માટે ભરતી કરવામાં આવશે. આ જગ્યાઓ માટે ઉમેદવારની ઉંમર ૧૮ થી ૩૦ વર્ષ વચ્ચે હોવી જરૂરી છે. ધો. ૧૦, ધો. ૧૨, આઈ.ટી.આઈ અથવા ડિપ્લોમાં પાસ કરેલા ઉમેદવારો આ જગ્યા માટે ભાગ લઈ શકશે. પસંદગી પામનાર ઉમેદવારોને કંપનીના નિયમો અનુસાર માસિક રૂ. ૧૫,૨૦૦ સુધીનું વેતન મળવાપાત્ર રહેશે.આ ઉપરાંત એઈમ લિ. ભાવનગરમાં બ્રાન્ચ મેનેજર અને આસિસ્ટન્ટ બ્રાન્ચ મેનેજરની જગ્યાઓ માટે ભરતી કરવામાં આવશે. આ જગ્યાઓ માટે ૧૮થી ૩૦ વર્ષની વયના સ્ત્રી–પુરૂષ જે ધોરણ–૧૦, ધોરણ–૧૨ અથવા સ્નાતકની શૈક્ષણિક લાયકાત ધરાવતા હોય તે ભાગ લઈ શકશે. પસંદગી પામનાર ઉમેદવારોને કંપનીના નિયમો મુજબ વેતન આપવામાં આવશે.ભરતી મેળ ામાં ભાગ લેવા ઈચ્છુક ઉમેદવારોએ નોંધણી કરાવવી ફરજિયાત રહેશે. ઉમેદવારોએ ભરતીના દિવસે રોજગાર નોંધણી કાર્ડ, શૈક્ષણિક લાયકાતના પ્રમાણપત્રો, આધાર કાર્ડ, પાસપોર્ટ સાઈઝના ફોટોગ્રાફ સહિત જરૂરી મૂળ પ્રમાણપત્રો તથા તેની નકલો સાથે ઉપસ્થિત રહેવાનું રહેશે. ભરતી પ્રક્રિયામાં ભાગ લેવા માટે ઉમેદવારોએ પોતાના જરૂરી દસ્તાવેજો સાથે સમયસર હાજર રહેવા અનુરોધ કરવામાં આવ્યો છે.ઉમેદવારો અનુબંધમ પોર્ટલ પર નોંધણી કરી શકશે. વધુ માહિતી માટે જિલ્લા રોજગાર વિનિમય કચેરી, અમરેલીના ફોન નંબર ૦૨૭૯૨–૨૩૩૯૪ પર સંપર્ક કરી શકાશે. રોજગાર ઈચ્છુક લાયકાત ધરાવતા ઉમેદવારોએ આ રોજગાર ભરતી મેળાનો વધુમાં વધુ લાભ લેવા જિલ્લા રોજગાર વિનિમય અધિકારી, અમરેલી દ્વારા અનુરોધ કરવામાં આવ્યો છે.

### પવિત્ર શ્રાવણ માસનાં અંતિમ દિવસોમાં

# બાબરાનાં પંચકુડ ખાતે મહિલાઓએ તર્પણ કરી પિતૃઓના આશીર્વાદ મેળવ્યા

## આરાવારા અંતર્ગત મહિલાઓ દ્વારા પીપળા પુજન કરાયું



તસ્વીર : પંકજ ઈન્દ્રોડીયા–બાબરા

બાબરા, તા. ૯

પવિત્ર શ્રાવણ માસ હવે પૂર્ણતાનાં આરે પહોંચ્યો છે ત્યારે બાબરા શહેરમાં ધાર્મિક અને આધ્યાત્મિક માહોલ જોવા મળી રહ્યો છે. શ્રાવણ માસના વદ પક્ષમાં આવતા બારસથી ચૌદશ સુધીનાં ત્રણ દિવસને આરા વારા તરીકે માનવામાં આવે છે, જે દરમિયાન મહિલાઓ દ્વારા પિતૃઓના સ્મરણ, પૂજન–અર્ચન, તર્પણ તેમજ દાન–પુણ્યની વિવિધ ધાર્મિક વિધિઓ કરવામાં આવી રહી છે.

બાબરા શહેરનાં પંચકુંડ સહિતનાં ધાર્મિક સ્થળોએ મોટી સંખ્યામાં મહિલાઓ વહેલી સવારથી જ પિતૃ તર્પણ માટે પહોંચી રહી છે. પરંપરાગત ધાર્મિક વિધિ મુજબ મહિલાઓ દ્વારા પીપળાનાં વૃક્ષનું પૂજન–અર્ચન કરી, પીપળાને પાણી અર્પણ કરવામાં આવી રહ્યું છે અને પિતૃઓનું સ્મરણ કરી તર્પણ કરવામાં આવી રહ્યું છે. આ પ્રસંગે પરિવારનાં દિવંગત સ્વજનોને યાદ કરી તેમના આત્માની શાંતિ માટે પ્રાર્થનાં કરવામાં આવે છે તેમજ પિતૃઓના આશીર્વાદ પ્રાપ્ત થાય તેવી શ્રદ્ધા વ્યક્ત કરવામાં આવે છે.

આરા વારા તરીકે ઓળખાતા આ ત્રણ દિવસ દરમિયાન પિતૃ પૂજન સાથે દાન–પુણ્યનું પણ વિશેષ મહત્વ હોવાથી અનેક પરિવારો દ્વારા પોતાની શ્રદ્ધા અને સામર્થ્ય મુજબ ધાર્મિક સેવા તથા દાન કરવામાં આવી રહ્યું છે. ખાસ કરીને મહિલાઓમાં આ પરંપરાપ્રત્યે વિશેષ શ્રદ્ધા જોવા મળી રહી છે.

આ ત્રણ દિવસ પૂર્ણ થયા બાદ શ્રાવણ માસની અમાસનાં દિવસે સર્વપિતૃ અમાસ મનાવવામાં આવશે. સર્વપિતૃ અમાસ પિતૃઓના સ્મરણ અને તર્પણ માટે વિશેષ મહત્વનો દિવસ માનવામાં આવે છે. આ દિવસે લોકો પરિવાર સાથે પવિત્ર સ્થળોએ જઈ પૂજન–અર્ચન, પિતૃ તર્પણ અને દાન–પુણ્ય કરી પોતાના પૂર્વજોને શ્રદ્ધાંજલિ અર્પણ કરશે.

શ્રાવણ માસનાં અંતિમ દિવસો અને સર્વપિતૃ અમાસને લઈને બાબરા શહેર તથા આસપાસનાં વિસ્તારોમાં ધાર્મિક આસ્થા અને શ્રદ્ધાનો માહોલ છવાયો છે. પિતૃઓના સ્મરણ સાથે નવી પેઢીને પણ પોતાની પરંપરા અને સંસ્કૃતિ સાથે જોડતી આ ધાર્મિક વિધિઓમાં લોકો ઉત્સાહપૂર્વક જોડાઈ રહ્યા છે.

